dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7>Issue-308>AD-2024, Shravan Sud-06>Saturday, Dt.10-08-2024>Editor: Vasant Movliya : Phone: (02792)225225>E-mail: sanjognews@gmail.com>Page-08 Price: Rs.3-00

બાંગ્લાદેશમાં હિંદુઓ અને લઘુમતી સમુદાય પર સતત હુમલાની વચ્ચે

## ૩૦૦ બાંગ્લાદેશીઓ ભારતમાં ઘુસવા બોર્ડર નજીક ભેગા થતા જ સુરક્ષાદળોએ હટાવ્યા

જલપાઈગુડી,તા.૧૦



બાંગ્લાદેશમાં હિંદુઓ અને લઘુમતી સમુદાય પર સતત હુમલાઓ વચ્ચે, ૩૦૦ બાંગ્લાદેશીઓ ભારતના જલપાઈગુડી જિલ્લા નજીક એકઠા થયા. તે ભારત આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ, સરહદ પર તૈનાત દળોએ તેમને હટાવ્યા હતા. હકીકતમાં, જ્યારથી બાંગ્લાદેશમાં અનામતની માંગને લઈને વિદ્યાર્થીઓનો વિરોધ હિંસામાં પરિવર્તિત થયો છે, ત્યારથી બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર વધ્યા છે. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થયા હતા. જોકે, નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે ગુરુવારે બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે શપથ લીધા હતા. પીએમ મોદીએ મોહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશમાં વહેલી તકે સામાન્ય સ્થિતિની પુનઃસ્થાપનાની આશા વ્યક્ત કરી હતી અને દેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતી સમુદાયોની સુરક્ષા અને રક્ષણ માટે અપીલ કરી હતી. પીએમએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું છે કે સુરક્ષા અને વિકાસ માટે બંને દેશોના લોકોની સહિયારી આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બાંગ્લાદેશ સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતાને જોતા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ પદ છોડવું પડ્યું અને તેઓ ભારત આવ્યા છે. તે જ સમયે, બાંગ્લાદેશમાં અરાજકતાને જોતા, બાંગ્લાદેશ અને ભારતને જોડતી સરહદ પર બીએસએફ દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી છે. તે જ સમયે, બાંગ્લાદેશને અડીને આવેલા પાંચ રાજ્યોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાઈ એલર્ટ મૂકવામાં આવ્યું છે. જે રાજ્યો હાઈ એલર્ટ પર છે તેમાં પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, આસામ, મિઝોરમ અને મણિપુરનો સમાવેશ થાય છે.












# જાફરાબાદમાં 'હાથ સે હાથ જોડો' અભિયાન હેઠળ નવા પદાધિકારીઓની નિમણૂક

જાફરાબાદ, તા.૯





જાફરાબાદ તાલુકામાં કોંગ્રેસ પક્ષનું સંગઠન વધુ મજબૂત બનાવવાના પ્રયાસ રૂપે 'હાથ સે હાથ જોડો' અભિયાન અંતર્ગત આજે નવા પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ઈન્દ્રનીલ રાજગુરુ, વશરામભાઈ સાગઠીયા અને સત્યમભાઈ મકાણીની ઉપસ્થિતિમાં આ નિમણૂકો કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ વી. સાંખટની વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના આગેવાન નેતાઓ પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર અને ટીકુભાઈ વરુએ આવકારી છે. જાફરાબાદ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ નાથાભાઈ પરમાર, કાદરભાઈ જાડેજા, રમેશભાઈ મકવાણા, હરેશભાઈ બાંભણિયા અને યુવરાજભાઈ વરુ સહિતના સ્થાનિક આગેવાનોએ પણ આ નિમણૂકોનું સ્વાગત કર્યું છે.

# લાઠીના રામપર ગામે ટ્રેક્ટર ચોરીનો આરોપી ઝડપાયો

અમરેલી,તા.૯



લાઠી તાલુકાના રામપર ગામે થોડા દિવસ પહેલા ભાગીયુ રાખનાર ભાગીયો ખેડૂતનું ટ્રેક્ટર લઈને નાસી જતા ખેડૂતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે સીસીટીવીના આધારે આરોપીને ઝડપી પાડયો હતો. લાઠીના રામપર ગામે ભાગીયો ખેડૂતનું રૂ.૧.૫૦ લાખનું ટ્રેક્ટર લઈને નાસી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેથી જિલ્લા પોલીસ વડાએ સૂચના આપતા ડીવાયએસપી ચીરાગ દેસાઈએ જરૂરી માર્ગદર્શન આપતા પોલીસે લાઠી શહેર, તાજપર અને ભુરખીયા ગામે સીસીટીવી કેમેરા ચેક કરતા ભાગીયો ટ્રેક્ટર લઈને જતો દેખાયો હતો. જેથી બાતમીના આધારે પોલીસે રોહીત અંધારભાઈ નાયક રહે.ભુતર ફળીયુ, તા. દેવગઢ જી.દાહોદવાળાને ઝડપી પાડી તેમની પાસેથી મીની ટ્રેક્ટર કિં.રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

# અમરેલી જિલ્લા લેવલની કુસ્તી સ્પર્ધા વડીયા મુકામે યોજાઈ

અમરેલી,તા.૯



અમરેલી જિલ્લા લેવલની કુસ્તી સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત વિકાસ અમરેલી દ્વારા વડીયા મુકામ સુરગવાળા હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યુ હતું. જેમા સમગ્ર જિલ્લામાંથી અં-૧૪, ૧૭, ૧૯ કેટેગરીમાં ૮૦ ભાઈઓ અને ૭૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાંથી ત્રણેય કેટેગરીના સ્પર્ધકોએ પોતાની તાકાત અજમાવી હતી. જેમાં અં-૧૯ ભાઈઓની સ્પર્ધામાં જોરદાર ટક્કર જોવા મળી હતી. આ સ્પર્ધામાં યજમાન સંસ્થા સુરગવાળા હાઈસ્કૂલના ૬ ખેલાડીઓએ વિજેતા થઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# લોકશાળા ખડસલીમાં સાયબર ક્રાઈમ જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી, તા.૯



અમરેલી પોલીસ સ્ટેશન અને સાવરકુંડલા પોલીસ વિભાગ દ્વારા લોકશાળા ખડસલીમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ આવે, તેઓ તેનો ભોગ ન બને તે માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન પીઆઈ ચૌધરી, દેવેન્દ્રસિંહ અને યુનુસભાઈ અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆત ગીતથી થઈ હતી અને સંસ્થાના આચાર્ય નાનજીભાઈ મકવાણાએ પોલીસ સ્ટાફનો પરિચય કરાવ્યો હતો. પીઆઈ ચૌધરી સાહેબે સાયબર ક્રાઈમમાં કોઈ જગ્યાએ ભોગ ન બનીએ તેમજ એક જાગૃત નાગરિક અને ગ્રાહક તરીકે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તેનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ શિક્ષક ગોવાભાઈ ગાગીયાએ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં શિક્ષક પ્રતીકભાઈ પટેલ, ભાવનાબેન હિરપરા, અપેક્ષાબેન અને લોકશાળા ખડસલીનો સ્ટાફ હાજર રહેલ. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના પીઆઈ ચૌધરીએ સુંદર જવાબો આપ્યા હતા.

# જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા નારી વંદન સપ્તાહની ઉજવણી અંતર્ગત 'મહિલા જાગૃતિ શિબિર' યોજાઈ



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૯

જીએચસીએલ ફાઉન્ડેશન અને જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ-અમરેલીના સંયુક્ત ઉપક્રમે રાજુલા તાલુકાના કથીવદરપરા ખાતે 'નારી વંદન સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત એક મહિલા જાગૃતિ શિબિર યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે, રાજુલા તાલુકાના કથીવદરપરાના રાધેક્રિષ્ણ મંદિર ખાતે આજે મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો ઉદ્દેશ્ય મહિલાઓના સામાજિક, આર્થિક અને માનસિક વિકાસ સાથે સાથે, મહિલાઓ સમાજમાં પોતાનું સ્થાન ગૌરવભેર જાળવી રાખે અને રાષ્ટ્રની પ્રગતિના દરેક પગલે પોતાનું યોગદાન આપે તેવો હતો. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. મનીષાબેન મુલતાનીએ મહિલાઓને તેમના હકો અને અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપી. આઈસીડીએસ, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સખી વનસ્ટોપ સેન્ટરના અધિકારીઓએ પણ મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું. જીએચસીએલ ફાઉન્ડેશને મહિલા આરોગ્ય અંગે માહિતી આપી અને બ્રેસ્ટ તથા સર્વાઈકલ કેન્સર વિશે જાગૃતિ ફેલાવી. તેમજ આઈઈસી સામગ્રીનું વિતરણ કર્યું અને દરેક મહિલા સહભાગીને હાઈજિન કિટ પણ આપવામાં આવી. કાર્યક્રમનું આયોજન જીએચસીએલના સીએસઆર કોર્ડિનેટર હનીફ કાલવાતર દ્વારા કરવામાં આવ્યું હતું. જિલ્લા સરકારી અધિકારીઓ, ગ્રામ્ય આગેવાનો અને ૨૨૦ જેટલી મહિલાઓ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

# રાજુલામાં રાષ્ટ્રીય સ્તરની કલા સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૯



રાજુલા તાલુકાના સમઢિયાળા-૧ ગામમાં તાજેતરમાં રાષ્ટ્રીય સ્તરની કલા સ્પર્ધા 'રંગોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક શાળાના શિક્ષક સુનીલકુમાર ચાવડાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં શાળાના ધોરણ ૬ થી ૮ના લગભગ ૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આ મંચ પર પોતાની છુપાયેલી કલાત્મક પ્રતિભાને પ્રદર્શિત કરવાની તક ઝડપી લીધી હતી. આયોજકોના મતે, ચિત્રકલા બાળકોને તેમની સંવેદનાઓનો ઉપયોગ કરવા, લાગણીઓ વ્યક્ત કરવા, રંગોની શોધખોળ કરવા અને સૌંદર્યલક્ષી તથા આનંદદાયક કલાકૃતિઓનું સર્જન કરવામાં મદદરૂપ થાય છે. 'રંગોત્સવ' જેવી સ્પર્ધાઓ વિશ્વભરના યુવાનોને એક વૈશ્વિક મંચ પૂરું પાડે છે, જે તેમને પ્રોત્સાહિત કરે છે અને સશક્ત બનાવે છે.

# સા.કુંડલામાં વિશ્વ સિંહ દિવસ નિમિત્તે આજે મહારેલી યોજાશે

સાવરકુંડલા,તા.૯



સાવરકુંડલામાં આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી નિમિત્તે જે.વી.મોદી હાઈસ્કૂલ પાછળના મેદાન ખાતે એક ભવ્ય મહારેલીનું આયોજન કરાયું છે. આ મહારેલીનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના ગૌરવ સમાન ગીરના સિંહના સંરક્ષણ માટે જનજાગૃતિ ફેલાવવાનો છે. આ મહારેલીનું આયોજન નોર્મલ રેન્જ, સાવરકુંડલા વન વિભાગ, સામાજિક વનીકરણ રેન્જ, સાવરકુંડલા અને વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ, સાવરકુંડલા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આ મહારેલીમાં સિંહ સંરક્ષણને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે, જેમાં સિંહ સંરક્ષણ પરના પ્રવચનો, સિંહોના જીવન અને વસવાટ વિશેની માહિતી અને સિંહ સંરક્ષણને સમર્પિત શપથ ગ્રહણ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ રેલીમાં ભાગ લેવા માટે સાવરકુંડલાના તમામ નાગરિકોને હાર્દિક આમંત્રણ છે.

# અમરેલી જિલ્લાના આંગણવાડી કર્મીઓએ આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી,તા.૯



અમરેલી જિલ્લાની આંગણવાડી મહિલા કર્મચારીઓએ પડતર પ્રશ્ને કલેક્ટર કચેરી ખાતે ધસી જઈ સુત્રોચ્ચાર કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. અમરેલી જિલ્લાના આંગણવાડી વર્કર બહેનો દ્વારા પડતર માંગણી સંદર્ભે ગાંધીબાગથી સુત્રોચ્ચાર સાથે રેલી કાઢીને કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. લઘુતમ વેતન, પેન્શન યોજનાનો લાભ આપો, સારી ક્વોલિટીના ફોન આપવા જેવી પડતર માંગણીઓને લઈને મહિલા કર્મચારીઓએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીના પટાંગણમાં બેસીને સુત્રોચ્ચાર કર્યા હતા. તેમજ કલેક્ટર કચેરીએ જઈ આવેદનપત્ર પાઠવ્યું હતું. જો આગામી તા.૨૦ના રોજ સરકાર દ્વારા પડતર માંગણીઓ સ્વીકારવામાં નહી આવે તો અચોક્કસ મુદતની હડતાલની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# બગસરાથી સોમનાથ બસ ચાલુ થતા ભાવિકોમાં ખુશી

બગસરા,તા.૯



બગસરા શહેરના લોકો અને પેસેન્જર એસોસિએશન દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કે બગસરાથી સીધા સોમનાથ જવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવે, જેથી ભક્તો દર્શન કરીને પરત ફરી શકે. આ માંગને ધ્યાનમાં લઈને, ડેપો મેનેજરે આજે એક ખાસ બસ શરૂ કરવાનું નક્કી કર્યું છે. શ્રાવણ માસ દરમિયાન, દર સોમવારે સવારે ૬:૩૦ વાગ્યે આ સ્પેશિયલ બસ બગસરાથી સોમનાથ જશે. ભક્તો સોમનાથ દર્શન કર્યા બાદ, બપોરે ૨ વાગ્યે આ બસ ફરી બગસરા પરત આવશે. આ વ્યવસ્થાથી ભક્તોને એક જ દિવસમાં સોમનાથ દર્શન અને પરત આવવાની સુવિધા મળશે. ભક્તો તેમજ પેસેન્જર એસોસિએશનના લાંબા સમયના પ્રયત્નો આખરે ફળ્યા છે અને આ નવી વ્યવસ્થાથી તેઓ ખુશ છે. પેસેન્જર એસોસિએશને ઘણીવાર આવી બસની માંગ કરી હતી, પરંતુ તેમની માંગ આજ સુધી પૂરી થઈ શકી ન હતી. ડેપો મેનેજરે આ માંગને ધ્યાનમાં લઈને આ નિર્ણય લીધો છે, જેનો લાભ ધાર્મિક શ્રદ્ધાળુઓને મળશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરા શહેરમાં ૧૦ ફૂટ લાંબો અજગર દેખાતા રેસ્ક્યુ કરાયું

બગસરા, તા.૯

ગઈકાલે રાત્રે બગસરા શહેરમાં એક મોટો અજગર દેખાતાં લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. પોલીસ સ્ટેશન નજીક આવેલા ચેકડેમ પાસેના રસ્તા પર આશરે ૧૦ ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો. અજગરને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. સ્થાનિક રહીશોએ તરત જ વન વિભાગને જાણ કરી હતી. સૂચના મળતાં જ વન વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને અજગરને પકડી લીધો હતો. વન વિભાગે અજગરને સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યો અને તેને જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડી મૂક્યો હતો. રાત્રે મોડે સુધી લોકો અજગરને જોવા માટે ઉમટી પડ્યા હતા. ઘણા લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે આટલો મોટો અજગર શહેરી વિસ્તારમાં કેવી રીતે આવી પહોંચ્યો. જંગલ ખાતાનું કહેવું હતું કે, અજગર કદાચ પાણીમાં તણાઈને શહેર સુધી આવી પહોંચ્યો હોઈ શકે છે.



તસવીર : હાર્દિક બામટા

# અમરેલીમાં રેલવે સુવિધાઓ વધારવા રાજુ મિલનની માંગ

**રેલવે સ્ટેશન પર સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી રિઝર્વેશન કાઉન્ટર ચાલુ રાખવાની માંગ**

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લા ભાજપના કારોબારી સભ્ય રાજુભાઈ મિલને ડિવિઝનલ રેલવે મેનેજરને પત્ર લખીને અમરેલી અને આસપાસના વિસ્તારો માટે રેલવે સુવિધાઓમાં વધારો કરવાની માંગ કરી છે. તેમણે માંગ કરી છે કે અમરેલી રેલવે સ્ટેશન પર સાંજે પથી ૬ વાગ્યા સુધી (૧ કલાક માટે) રિઝર્વેશન કાઉન્ટર ચાલુ રાખવામાં આવે. આ સુવિધા મહુવા-સુરત અને મહુવા-બાંદ્રા ટ્રેનો માટે કરંટ રિઝર્વેશનની સુવિધા પૂરી પાડશે, જે રાત્રે લીલીયા મોટા, દામનગર અને સાવરકુંડલાથી પસાર થાય છે. આ ઉપરાંત તેમણે જૂનાગઢ-ગાંધીનગર ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવાની માંગ પણ કરી છે. આ ટ્રેન વડીયા, કુંકાવાવ, ચિતલ, લાઠી અને દામનગર જેવા અમરેલી જિલ્લાના સ્ટેશનો પર રોકાણ કરશે અને ધંધુકા, સરખેજ અને સાબરમતી થઈને ગાંધીનગર પહોંચશે. ભાજપ નેતાએ જણાવ્યું કે આ સુવિધાઓ અમરેલી જિલ્લા અને શહેરની જનતાની રેલવે મુસાફરી સુવિધામાં નોંધપાત્ર સુધારો કરશે. તેમણે આ સુવિધાઓ જલદીથી શરૂ કરવાની વિનંતી કરી છે.



# ચલાલાના ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ તીરંદાજી સ્પર્ધામાં ઝળક્યા

ચલાલા,તા.૯

ગુજરાત સરકારના રમત-ગમત વિભાગ દ્વારા ૫ ઓગસ્ટે ૬૮મી અખિલ ભારતીય તીરંદાજીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય - ચલાલાના વિદ્યાર્થીઓએ તીરંદાજી સ્પર્ધામાં ભાગ લઈ પોતાની આવડતનું પ્રદર્શન કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધામાં સંપૂર્ણ માર્ગદર્શન અમરેલી જિલ્લાના કોચ રિધ્ધિ મહેતા અને હદિસા મહેતા દ્વારા આપવામાં આવ્યું હતું. સંસ્થાના વડા પૂ. ડો. રતિદાદા, ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ આ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.



# પીસી-પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૯

પીસી-પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અન્વયે જોષી- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અમરેલીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીઓની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અંગેના નોટિફિકેશન, ચુકાદાઓ, પરિપત્રોને વંચાણે લીધા હતા. સોનોગ્રાફી મશીનના નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશન બાબતે કાર્યવાહી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે કરવાની થતી કામગીરીને બહાલી આપવામાં આવી હતી. મહત્વનું છે કે, પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અંતર્ગત, સ્ત્રી ભ્રૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે. પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે, જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામુ પણ બહાર પાડી તે અમલી કરવામાં આવ્યુ છે. બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડૉ. ગજેરા, પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# 'છોકરીઓને વધારે પડતો મોબાઈલ જોવા આપવો નહીં' કહેતા પત્નીને પતિએ ફટકારી

**નાના બારમણ ગામનો બનાવ**

ખાંભા, તા.૯

ખાંભાના નાના બારમણ ગામે રહેતી એક પરિણીતાએ તેના પતિને છોકરીઓને વધારે પડતો મોબાઈલ જોવા આપવો નહીં તેમ કહેતાં લોખંડના સળિયા વડે ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે ભારતીબેન પરમાર (ઉ.વ.૩૦)એ પતિ અનીલભાઈ અરજણભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેના પતિ થતા હોય અને તેઓ તેમની દીકરીઓને મોબાઈલ જોવા આપતા હતા. જેથી તેમણે છોકરીઓને વધારે પડતો મોબાઈલ જોવા આપવો નહિ તેમ કહેતાં સારૂં નહોતું લાગ્યું અને ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારીને ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી ન.પા.ના ચીફ ઓફિસરની ચેમ્બર બહાર લોબીમાં મૃત પ્રાણીના છુટા છુવાયા અવશેષો મુકવામાં આવ્યા

અમરેલી, તા.૯

અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરની ચેમ્બર બહાર લોબીમાં મૃત પ્રાણીના છુટા છવાયા અવશેષો મૂકી ગંદકી તેમજ દુર્ગંધ ફેલાવવામાં આવી હતી. જેને લઈ ચીફ ઓફિસર હિતેષકુમાર કાંતિલાલ પટેલ (ઉ.વ.૫૧)એ બળવંતભાઈ ચીમનભાઈ પરમાર, જીતુભાઈ ડાયાભાઈ ટીમાણીયા તથા અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરની ચેમ્બર બહાર લોબીમાં મૃત પ્રાણીના છુટા છુવાયા અવશેષો મૂકી, ગંદકી તેમજ દુર્ગંધ ફેલાવી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એચ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી ચલાલામાં ૪૨મા સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન યોજાશે

**સુરતના શિવસાંઈ ગૃપ દ્વારા ૪૨મા સમૂહ લગ્નનું તુલસી વિવાહ સાથે આયોજન**

ચલાલા, તા.૯

ચલાલામાં શ્રી મોગલ મ ા માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી શિવસાંઈ ગ્રુપ ચલાલા દ્વારા ૪૨મા સમૂહલગ્ન તુલસી વિવાહ સાથે યોજાશે.

આ સમૂહલગ્નમાં ખૂબ જ મર્યાદીત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણ ફોર્મ ભરવાનું રહેશે. ચલાલામાં છેલ્લા ૧૫ વર્ષથી આ સંસ્થા દ્વારા સમૂહલગ્નનું આયોજન થઈ રહ્યું છે.

# અમરેલી જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ

અમરેલી,તા.૯

અમરેલી જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. જિલ્લામાં તા.૮ થી તા.૧૦ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ થઈ રહેલી ઉજવણી અંતર્ગત ચિત્ર અને રંગોળી વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે અમરેલી જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા અમરેલી જિલ્લાની શાળાઓમાં ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આશરે ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાઓમાં આ ઉજવણીના ભાગરુપે વેશભૂષા સ્પર્ધા, દેશભક્તિની થીમ પર વકતૃત્વ તેમજ રંગોળી સ્પર્ધા જેવા રચનાત્મક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી દેશભક્તિની જ્યોત પ્રજવલ્લિત થશે.








# જનતા વિદ્યાલય તાતણીયામાં વિવિધ પ્રવૃત્તિઓ યોજાઇ

સાવરકુંડલા,તા.૯

જનતા વિદ્યાલય તાતણીયાના વિદ્યાર્થીઓ ભાણીયા મુકામે પ્રકૃતિના સાનિધ્યમાં અને નૈસર્ગિક વાતાવરણમાં મુક્ત વિહાર કરે એવું આયોજન તારીખ ૧૫/૦૬ થી ૨૨/૦૬ સુધી હાથ ધરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી કેવી રીતે કરી શકાય તે વિશે માહિતગાર કરાયા હતા. તેમને વનસ્પતિ ઓળખ અને બર્ડ વોચિંગ કરાવવામાં આવ્યું. આ દરમિયાન ફોરેસ્ટ ખાતા તરફથી ફાળવવામાં આવેલ ૧૦૦ જેટલાં સિડ્સ બોલ ડુંગરાળ વિસ્તારમાં ફેંકવામાં આવ્યા હતા. આ અંતરિયાળ ગામની મુલાકાત બાદ વિદ્યાર્થીઓના અલગ-અલગ પાંચ જૂથે ગામના ઈતિહાસ, ગામની વિશિષ્ટ ભૂગોળ અને ગામની કલા સંસ્કૃતિ અંગે ત્રણ રિપોર્ટ બનાવેલ હતો. શાળાના પરિસરમાં GIAN દ્વારા મોકલવામાં આવેલ શાકભાજી તથા ઔષધીય વનસ્પતિના બીજનું વાવેતર કરી એક સુંદર કિચન ગાર્ડન બનાવવામાં આવ્યો છે અને તેની જાળવણી માટે વિદ્યાર્થીઓને તેનું સંચાલન તથા જવાબદારી સોંપેલ છે. આ દરેક છોડને બાળકના મનગમતા વ્યક્તિનું નામ અપાયેલ છે. જેથી કરીને બાળક તેની વિશેષ કાળજી લે. આ બગીચામાં છાંટવા માટે બાળકો પાસે છાણિયું ખાતર તૈયાર કરવામાં આવેલું. આ ઉપરાંત બાળકોને જીવામૃત વિશે પણ માહિતી આપવામાં આવેલ. ઘરના રસોડામાંથી નીકળતો ભીનો કચરો કે જે ખાતર તરીકે કામ લાગી શકે તેનો ઉપયોગ પણ આ કિચન ગાર્ડનમાં કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ છોડની વિશેષ કાળજી લે તે માટે શ્રેષ્ઠ છોડને ઈનામો આપવાનું પણ આયોજન કરેલ છે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ માટે પર્યાવરણની જાળવણી માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈકો ક્લબના ઈન્ચાર્જ વિશાલભાઈ દવે દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવેલ હતી.








# બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામે પેટા સબ સેન્ટરનું ખાતમુહૂર્ત

**નવું પેટા સબ સેન્ટર ગ્રામજનોને વધુ સુવિધાઓ પ્રદાન કરશે**



બાબરા,તા.૯

બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામમાં નવું પેટા સબ સેન્ટર ખોલવામાં આવ્યું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય હીમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, તાલુકા પંચાયત સભ્ય નાગરાજભાઈ વાળા અને જગદીશભાઈ કથીરીયા સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ નવી સુવિધા માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયતના સભ્ય હીમતભાઈ દેત્રોજા અને તાલુકા પંચાયત સભ્ય નાગરાજભાઈ વાળાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ નવું પેટા સબ સેન્ટર ગ્રામજનોને વધુ સુવિધાઓ પ્રદાન કરશે.

# લીલીયા પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૯



લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રમમાં, લીલીયાની વિનિમય અને વાણિજ્ય કોલેજ અને અમૃત બા વિદ્યાલયમાં સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના હેતુસર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિનિમય અને વાણિજ્ય કોલેજમાં પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ અને પ્રોફેસર સુભાષભાઈ આડેદરાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. તેમજ અમૃત બા વિદ્યાલયમાં પ્રિન્સિપાલ હસમુખભાઈ કરડની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નોત્તરી કરી હતી. લીલીયા પોલીસના પીએસઆઈ એસ.આર. ગોહિલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ જાહેર કરવામાં આવ્યો હતો અને વિવિધ પ્રકારના ફ્રોડ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને તેમાંથી બચવાના ઉપાયો પણ વિગતવાર સમજાવવામાં આવ્યા હતા.

# રોંગસાઈડમાં મોટર સાયકલ ચલાવતાં યુવકને ઠપકો આપતા મુંઢમાર માર્યો

**મોટા ઉજળા ગામની સીમમાં બનાવ બન્યો**

વડીયા, તા.૯

વડીયાના મોટા ઉજળા ગામની સીમમાં રોંગસાઈડ મોટર સાયકલ લઈને આવતાં યુવકને ઠપકો આપતાં લાકડી વડે મુંઢમાર મારીને ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે અશોકભાઈ લક્ષ્મણભાઈ કાવઠીયા (ઉ.વ.૫૦)એ જીજે-૧૪-એએમ-૮૧૯૫ના ચાલક તથા અન્ય બે ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બાઈક લઈને જમવા જતા હતા તે વખતે રસ્તામાં આરોપી રોંગસાઈડમાં આવતા તેમણે તેને ઠપકો આપ્યો હતો. જેથી તેનું મનદુઃખ રાખી તેણે અન્ય બે જણાને સાથે લાવી લાકડી વડે મુંઢમાર માર્યો હતો. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.કે.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા. તા.૯



શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ સાવરકુંડલા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું તથા સમગ્ર કોલેજના પટાંગણને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિક મુક્ત કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓ, સ્વયંસેવિકાઓ અને સ્ટાફ દ્વારા સફાઈ કરવામાં આવી હતી. પ્રા. છાયાબહેન શાહ, ડો.પ્રતિમાબહેન શુક્લ, ડો. રુકસાનાબહેન કુરેશી, ડો.જાગૃતિબહેન રાઠોડ, ડો. કિશનભાઈ વાળા, પ્રા. કે.બી. પટેલ, પ્રા. ખુશ્બુબેન બગડા, પ્રા. નયનાબેન કાપડિયા, પ્રા. મુસ્કાનબેન ઝાખરા, પ્યુન સ્ટાફમાં અંતુભાઈ બગડા, કાસમભાઈ શેખાણી સહિતનો તમામ સ્ટાફ ખૂબ ઉત્સાહથી જોડાયા હતાં.

# બાબરા ખાતે તા. ૧૩ના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૯

જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતી મેળો યોજાશે. એકમ સિનોવા ગિયર્સ એન્ડ ટ્રાન્સમિશન પ્રા.લી. રાજકોટ માટે મશીન ઓપરેટર (ફક્ત પુરુષ ઉમેદવાર માટે) માટે ૧૮ થી ૩૮ વર્ષની વયમર્યાદા અને આઈ.ટી.આઈ ઈન ફિટર, ડીઝલ મિકેનિક, મશીનિસ્ટની તકનીકી શૈક્ષણિક લાયકાત તેમજ એઈમ લિમિટેડ ભાવનગર માટે આસી. બ્રાંચ મેનેજર (માર્કેટિંગ) / બ્રાંચ મેનેજર (માર્કેટિંગ) ની જગ્યા માટે ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા તેમજ ધો.૧૦ અને ધો.૧૨, ગ્રેજ્યુએટ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેમના માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળાનું આયોજન તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ સવારે ૧૧ વાગ્યે, બાબરા સ્થિત કમળશી હાઈસ્કૂલ (બસ સ્ટેન્ડ નજીક) ખાતે યોજાશે. ભરતી મેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે.

# પવનચક્કીનું કામ કરવું હોય તો ટાવર દીઠ લાખ રૂપિયા આપવા પડશે કહી ધમકી આપી

**ગાડીનો કાચ તોડી, ડ્રાઈવરને ઢીકાપાટુ માર્યા**

બાબરા, તા.૯

બાબરા પંથકમાં મોટા પાયે પવનચક્કીઓ આવેલી છે. પવનચક્કીને લઈ ઘણા લોકોએ હપ્તાખોરી શરૂ કરી છે. જો હપ્તો ન આપવામાં આવે તો માર પણ મારવામાં આવે છે. બાબરામાં રહેતા અને ઓધવ એન્ટરપ્રાઈઝના સાઈટ મેનેજર નરેશભાઈ ધનાજી ચૌધરી (ઉ.વ.૨૮)એ બાબરામાં રહેતા રઘુભાઈ બસીયા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની કંપની ઓધવ એન્ટરપ્રાઈઝ કંપનીનું કામ કરકોલીયા ગામે ચાલુ હતું. તેઓ તેના હવાલાવાળી ઈનોવા કાર લઈને મજૂરોને લેવા જતા હતા ત્યારે ખંભાળા ગામે પહોંચતા બોલેરો રજી.નં.જી.જે ૦૩-બી.ડબલ્યુ-૭૬૮૯ ઈનોવા કારની આગળ રાખી તેમને ઉભા રખાવ્યા હતા. જે બાદ આરોપીએ તેમની કંપનીના લેબરની ગાડી ઉપર લાકડી મારી કાચ તોડી બોલેરોના ડ્રાઈવર સુનીલભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ બે અજાણ્યા માણસોએ તેમને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી બાબરામાં પવનચક્કીનું કામ કરવું હોય તો એક ટાવર દીઠ એક લાખ આપવા પડશે તેવી માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# મોટા માણસા ગામનો વેપારી ખરખરાના કામે જાવ છું કહીને નીકળ્યા બાદ લાપતા

**સાવરકુંડલામાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી**

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાંથી વધુ બે લોકો ગુમ થયા હતા. મોટા માણસા ગામનો વેપારી અને સાવરકુંડલામાંથી યુવતી લાપતા બની હતી. જાફરાબાદના મોટા માણસા ગામે રહેતા ભરતભાઈ જાદવભાઈ ગુજ્જર (ઉ.વ.૩૭) એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ અશોકભાઈ જાદવભાઈ ગુજ્જર (ઉ.વ.૪૨) પાંચ દિવસ પહેલા ઘરેથી ટીંબી ગામે ખરખરાના કામે જાવ છું તેમ કહીને નીકળ્યા બાદ આજદિન સુધી પરત ફર્યા નથી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા જસકુભાઈ બીછુભાઈ ખુમાણ (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી નમ્રતા (ઉ.વ.૧૯) ઘરેથી કોલેજ જવાનું કહીને નીકળ્યા બાદ ક્યાંક જતી રહી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં યુવકનું ફેક ઈમેલ આઈડી બનાવી ખોટા ઈમેલ કર્યા

રાજુલા, તા.૯

રાજુલામાં રહેતા એક યુવકનું ફેક ઈમેલ આઈડી બનાવી ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રીના તથા ખોટા ઈમેલ કરી તેની છબી ખરાડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે રાજુલામાં રહેતા મૂળ ગીરગઢડા તાલુકાના નાના સમઢીયાળા ગામના અને માસ ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતાં સંદીપભાઈ ધનજીભાઈ ગોલેતર (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમના નામનું ફેક ઈમેલ આઈડી બનાવી આઈડીએફસી બેંકના કમ્પ્લાયન્સ ડીપાર્ટમેન્ટ મુંબઈમાં ખોટા ઈ-મેઈલ કરી, તેમની જાણ બહાર ટ્રાન્જેક્શન હીસ્ટ્રીના તથા અન્ય ખોટા ઈ-મેઈલ કરી છબી ખરડવાનો તેમજ તેમને બેન્કીંગ સેક્ટરની નોકરીમાં પણ તકલીફ પડે તેવા બદ્ઈરાદાથી સમાજમાં બદનામ કરવાના ઈરાદાથી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની કોશિશ કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: છઠ્ઠ
તા. ૧૦-૦૮-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૭,
સૂર્યાસ્ત-૦૭:૦૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૧૦-૦૮-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબત ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં હાસ્ય દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા.૯



સાવરકુંડલાની શ્રી કે.કે. હાઈસ્કૂલ અને કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં ૩ ઓગસ્ટના રોજ CA સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત હાસ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજના વર્તમાન સમયમાં ચિંતાથી ભરેલા જીવનમાં લોકો હાસ્યને ભૂલી ગયા છે. વિદ્યાર્થીઓ પણ ભણતરના ભારથી વધુ ચિંતિત બનતા જણાય છે. એવા સમયમાં વિદ્યાર્થીઓને હળવાફુલ અને ચિંતામુક્ત બનાવવા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ત્રણ ભાઈઓ તથા બે બહેનોએ રમુજી ટુચકા, હાસ્ય કવિતા અને જોક્સ દ્વારા હાસ્યની છોળો ઉડાવી હતી. આ કાર્યક્રમમાં આપાભાઈ માંજરિયાએ રમુજી ટુચકાઓ રજૂ કરી સૌને ખૂબ હસાવ્યા હતા. શિક્ષક વર્ષાબેન પટેલ દ્વારા હાસ્યનું માનવ જીવનમાં મહત્વ, હાસ્યના પ્રકારો, હાસ્યની ઔષધિ તરીકે માનવ જીવનમાં ઉપયોગીતા સમજાવવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ હાસ્યની છોળો ઉડાવનાર સર્વ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માલવણ ગામે જંતુનાશક દવાવાળા હાથે બીડી પીવાનું પ્રૌઢને ભારે પડ્યું

અમરેલી, તા.૯

અમરેલીના માલવણ ગામે રહેતા એક પ્રૌઢે જંતુનાશક દવાવાળા હાથે બીડી પીતાં શ્વાસમાં ચડી જતાં ઝેરી અસર થવાથી સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે પુરીબેન ભુપતભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ તેમના પતિ ભુપતભાઈ શામજીભાઈ મકવાણા (ઉ.વ.૬૧) કપાસના વાવેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતા હતા અને દવાવાળા હાથે બે થી ત્રણ વખત બીડી પીતા દવા શ્વાસમાં ચડી જતાં ઝેરી અસર થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વિજપડી ગામેથી ફોર વ્હીલમાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશનની બદીને દૂર કરવા પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન સાવરકુંડલાના વિજપડી ગામે હસની ચોકમાંથી પોલીસે ફોર વ્હીલમાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપી પાડી હતી. GJ-૦૧-HR-૫૩૫૪ ના ચાલક તથા તપાસમાં ખુલ્લે તે તમામ પ્રરપ્રાંતનો વિદેશી દારૂ એક સરખી બ્રાન્ડની ૭૫૦ મિ.લિ.ની કુલ બોટલ નંગ-૨૪૦ જેની કુલ કિં.રૂ.૯૪,૮૦૦/- નો જથ્થો વેચાણ કરી આર્થિક ફાયદો મેળવવાના હેતુ માટે ફોર વ્હીલમાં હેરફેર કરતા હતા. પોલીસે વાહનની કિં.રૂ.૨,૦૦,૦૦૦ ગણી કુલ કિંમત રૂ.૨,૯૪,૮૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. દામનગરમાંથી હીરાકામ કરતાં યુવકના ઘરમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૭ બોટલ મળી આવી હતી. ડેડાણ ગામેથી ૧૦ લીટર, લાઠીમાંથી ૩ લીટર, જરખીયા ગામેથી ૨ લીટર તથા ઘંટીયાણા ગામેથી ૪ લીટર મળી કુલ ૧૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જાફરાબાદમાંથી ૩, કુતાણા, દાડમા(પુતળિયા) અને ચાંપાથળ ગામેથી ૧-૧ મળી કુલ ૬ ઈસમો પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

**જમાઈએ સસરા સામે ફરિયાદ નોંધાવી**

# કેસ બાબતે સમાધાન કરવા રૂ. ૧૦ લાખ માંગી જાનથી મારવાની ધમકી આપી

**કોર્ટમાં નિર્ણય આવે તેમ થશે કહેતા મામલા બિચક્યો**

મોણપુર, તા.૯

અમરેલીના મોણપુર ગામના છગનભાઈ કરશનભાઈ ખુમાણ (ઉ.વ.૪૫)એ સસરા મંગાભાઈ માણંદભાઈ ચાચીયા તથા અન્ય એક ઈમસ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ત્રણ દિવસ પહેલા બપોરે પોણા ચાર વાગ્યે કોર્ટ ઈન્કવાયરી ચાલતી હોવાથી તેની મુદતમાં જઈ શક્યા નહોતા. જેથી આજની તારીખમાં શું દલીલ થઈ તે બાબતેની માહિતી લેવા માટે અમરેલી આવતા હતા તે સમયે ચિતલ-અમરેલી રોડે ટીંબા વટીને રોડ ઉપર ઠેબી નદીનો પુલ ક્રોસ કર્યા બાદ આરોપીએ તેમને રોડ ઉપર સામા મળી ઉભા રાખ્યા હતા અને કેસ બાબતે સમાધાન કરવું હોય તો તારી માને કહેજે દસ લાખ રૂપિયા રાખે તેમ કહેતા તેમણે કહેલ કે હું દર મહિને ભરણપોષણ ભરૂ છું અને તમારે નથી છુટું આપવું કે નથી દીકરી મોકલવી, કોર્ટમાં નિર્ણય આવે તે થાશે તેમ કહ્યું હતું. જેથી તેમને પકડી રાખી સસરાએ ઢીકાપાટુનો માર મારી નીચે પછાડી દઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.એચ.વાણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# નાનકડા મકાનની અનોખી યોજના

દરેક વ્યક્તિને એક મહત્વકાંક્ષા હોય કે પોતાનું એક નાનકડું ઘર હોય. આપણા દેશમાં એવા અનેક પરિવારો છે જેનું આ સપનું સાકાર થાય તેમ ઈચ્છે છે. આ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની એવી ઘણી યોજનાઓ છે કે ગરીબ અને મધ્યમ વર્ગના માનવીને પોતાનું મકાન મળી શકે. આ સપનું સાકાર પણ થઈ રહ્યું છે. આપણા દેશના દરેક નાના-મોટા નગરોમાં લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે. એક અંદાજ મુજબ દિલ્હી અને કલકત્તા, મુંબઈના ફૂટપાથ પર રહેનારા લોકોની સંખ્યા લાખોની છે તે દરેકને ઘર કેમ આપવું તે આજની સૌથી મોટી સમસ્યા છે. બીજી પણ સમસ્યા એ છે કે લોકો સરકારી જમીન પર મકાન બનાવે છે અને તેને પોતાનું માને છે પરંતુ એક દિવસ બુલડોઝર આવે છે અને તેના નાનકડા એવા ઘરનો ભૂક્કો બોલાવી દે છે. આ એક સૌથી મોટી સમસ્યા છે કે જેને કારણે લોકો ઘરવિહોણા બને છે. આ સમસ્યાના ઉકેલ માટે વિચારવું હવે જરૂરી છે. કઈ જમીન પર મકાન બનાવી શકાય કે જેથી બુલડોઝર એક્શન ન આવે. કઈ જમીન પર સાવ ગરીબ માણસો પોતાનું ઝૂંપડુ બનાવી શકે અને તે પણ વ્યવસ્થિત બને તે માટેની ગાઈડલાઈન સરકારે જાહેર કરી ન હોવાથી બહુ મોટી સમસ્યા સર્જાય છે. બુલડોઝર ફરે ત્યારે સરકારની વિરુદ્ધમાં જનમત થાય છે. જેને કારણે ચૂંટણીમાં સરકારને ઓછા મત મળે છે. અયોધ્યામાં પણ આવું જ બન્યું છે. જેની જમીન લેવામાં આવી છે તેને નવા નિવાસ મળ્યા નથી. વળતર મળ્યું નથી એમ ટીવી ચેનલો કહે છે. સરકાર બહુમાળી મકાનો બનાવે છે. આ માટે સારા પ્રયાસો કરે છે. પરંતુ ઝડપભેર નાનકડા મકાન બનાવવાની એક અનોખી યોજના વિદેશમાં આકાર લઈ ચૂકી છે. નેનો લુઈસ નામ આપવામાં આવ્યું છે. જેમાં ઓછી કિંમતમાં હરી ફરી શકે તેવા નાનકડા મકાનો બનાવીને આર્થિક રીતે પછાત લોકોને પરવડી શકે તેવા બજેટમાં સરકાર આપે છે. નેનો લુઈસ ડબલ-એક્સલ ટ્રેલર પર આધારિત છે અને તેની લંબાઈ માત્ર ૩.૫ મીટર (૧૧.૫ ફૂટ) છે. નેનો લુઈસ એવી નાની એવી કેબિન જેવું મકાન છે જેને ચાર પૈડાના નાનકડા લોખંડના વીલ પર બનાવવામાં આવે છે. બલુચોન નામની વિદેશી કંપની આવા મકાન ખૂબ ઝડપભેર બનાવે છે અને તે વેચે છે અને ખૂબ નફો કમાય છે. નેનો લુઈસ એક નાનકડા ઘર જ છે. જેમાં ઓછી જગ્યામાં માનવીને જરૂરિયાતની તમામ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. તાજેતરમાં ફ્રાન્સની બલુચોન કંપની દ્વારા આવા નાનકડા મકાનો તૈયાર કરવામાં આવ્યા છે. તે માત્ર ૩.૫ મીટર (૧૧.૫ ફૂટ) લંબાઈનું માપ લે છે પરંતુ તેમાં જગ્યા-બચત આંતરિક લેઆઉટ અનોખો છે. જેમાં માત્ર બે રૂમ છે. એક કોમન છે અને બીજો મલ્ટીપર્પઝ છે. કોમન રૂમનો ઉપયોગ દિવસે ઓફિસ તરીકે, લિવિંગ રૂમ તરીકે અને રાત્રે બેડરૂમ તરીકે કરી શકાય છે તેના પલંગ પણ ફોલ્ડિંગ છે અને તે દીવાલની સાથે ચોંટી જાય છે. સામી દિવાલમાં દિવાલ સાથે જોડાયેલું ડાઈનિંગ ટેબલ છે. ખુરશી પણ ફોલ્ડિંગ છે. તેના કદને પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે, મોટાભાગના બલુચોન નાના ઘરો ઉપરાંત મધ્યમ કક્ષાના મકાન પણ મોટા ફેમિલી માટે પ્લાન કરવામાં આવ્યા છે. હાયટ્ટા નામ આપવામાં આવ્યું છે. તેની લંબાઈ નેનો રૂમ કરતાં લગભગ બમણી છે, જ્યારે ટેલિકો પ્રકારના મકાનો ચાર ગણા મોટા છે જે સંયુક્ત પરિવાર માટે બનાવવામાં આવ્યા છે. અને તેને નેનોની મોટી બહેન નામ આપવામાં આવ્યું. વાસ્તવિક તફાવત તેના આંતરિક લેઆઉટમાં છે, જે તદ્દન અલગ છે અને સ્ટોરેજ પર વધુ ધ્યાન આપે છે.

# નદી નાળા જોડવાથી અમુક અંશે પૂર નિયંત્રણ થઈ શકે છે



ચોથી જુલાઈ ૨૦૧૯ ના દિવસે ગુજરાતમાં વરસાદ ન હતો છતાં પણ નર્મદા ડેમ બીજી વખત છલકાયો. વગર વરસાદે નર્મદા જેવો વિરાટ ડેમ છલકાયો હોય તો તે આશ્ચર્યનો વિષય ગણાય. ગુજરાતમાં વરસાદ નહોતો પણ મધ્યપ્રદેશમાં ખૂબ ધોધમાર વરસાદ પડ્યો અને નર્મદા નદીમાં બે લાખ ૭૧ હજાર ક્યુસેક પાણીની આવક થઈ અને ગુજરાતનો નર્મદા ડેમ વગર વરસાદે છલકાઈ ગયો. સિઝનમાં અનેક વખત રાજપીપળા-ભરૂચ અને વડોદરા જિલ્લાના ગામડાંઓ પૂરપ્રકોપ તો વેઠતાં જ પણ પ્રતિ સેકંડ ૭૦ લાખ લીટર મીઠું પાણી દરિયામાં વહી જતું. વર્ષ ૨૦૦૦ સુધી ગુજરાત રાજ્યમાં એવી સ્થિતિ હતી કે, શ્રાવણ અને ભાદ્રપદ ઉતરી જાય અને બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર, પોરબંદર જેવા માટીના છીછરા દળ ધરાવતા જિલ્લાઓમાં ૪૨% થી ઓછો વરસાદ થાય એટલે માલધારીઓ ઊંટ, બકરા, ઘેટા, ગાય-ભેંસ સાથે સહ પરિવાર દક્ષિણ ગુજરાતના નહેર કાંઠાના વિસ્તારોમાં પ્રયાણ આદરે ! એટલું જ નહીં, પણ રાજ્ય સરકારે પ્રતિવર્ષ ૧૫૩ કરોડનો વધારાનો ખર્ચ મંજૂર કરી ભાલ-નળ કાંઠાના વિસ્તારોમાં ટૅન્કરથી, તો મધ્ય સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ અને ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાના ગામોમાં ભૂતળમાંથી પાણી ઉલેચવા ખેડૂતોને વધારાની વીજળી અને રાહતદરે પાઈપલાઈનની સુવિધા આપવી પડતી. આમ છતાં, દુષ્કાળજન્ય સ્થિતિમાં રાહત રહેતી પણ ૮૦૦ થી ૧૨૦૦ ફૂટ ઊંડાઈવાળું પાણી પીનાર ૧.૫ કરોડથી વધુ ગુજરાતીઓ **Flurosis**ની રોગજન્ય સ્થિતિમાં કાયમી રીતે મુકાઈ જતાં. અમરેલી પંથકમાં આ સમસ્યા ખૂબ વ્યાપક બની. દેશભરમાં બદલાતી ભૌગોલિક સંરચનાના લીધે હવે સ્થાનિક વરસાદી સ્થિતિનો લાભ નહીંવત્ રહ્યાનું જોવા મળે છે. વૈશ્વિક પર્યાવરણ, હવાનું દબાણ, ભેજ સ્થળાંતરને આધારે જે વરસાદી લાભ મળવાનો હોય તે મળે છે. ચોમાસા દરમિયાન માત્ર ૯૫થી ૯૮ કલાકનો વરસાદ મળે છે. પરંતુ પાણીનો ઉપયોગ તો બાકીના ૮૭૬૦ કલાક કરવાનો હોય જ છે! એ સમયે ગુજરાતના ૫૫૦૫ ગામોમાં પીવાના પાણીની તંગી વારંવાર સર્જાય, આથી રાજકીય લાભા-લાભને બાજુ પર રાખી નર્મદા બંધ બાંધવા સમગ્ર રાજયે પ્રજામત કેળવ્યો, તે આજે નર્મદા યોજના સાથે જોડાયેલ હાઈડ્રો પાવર સ્ટેશનમાં ડેમના તળિયાના પાણીને બાયપાસ કૅનાલથી બહાર કાઢવા પ્રાવધાન રખાયું છે. આ માટે સી.એચ.પી. એચ.ના બાજુના ડુંગરમાંથી ૯૦ મીટરના સીલ લેવલે ટનલ તૈયાર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કરવામાં આવી છે.

જેથી બંધની ઊંચાઈ વધાર્યા સિવાય બાયપાસ ટનલ દ્વારા ૧૫,૦૦૦ ક્યુસેક પાણીનો જથ્થો ગુજરાતની હદમાં આવેલ ડાયટ ૧ અને ૩ માં નાખી શકાય અને કેનાલ દ્વારા પ્રથમ ૫૦,૦૦૦ હેક્ટર ખેતીની જમીનમાં સિંચાઈ આપી શકાય તેવી સુવિધા થઈ છે. પૃથ્વી ઉપર કાર્બન ડાયોક્સાઈડના વધતા દબાણની સ્થિતિના કારણે જાપાન સહિત વિશ્વના ૮૦ દેશોમાં પાણી એક પ્રશ્ન બની ચૂક્યું છે. અમેરિકી અને જર્મન પ્રજા એક દિવસમાં સરેરાશ ૭૦૦ લીટર પાણી વાપરે છે ત્યાં એક ગુજરાતીના ભાગે ૪૨થી ૫૦ લીટર પાણી આવે છે. બીજી તરફ યુરોપ અને ચીન સહિત ત્રીજી શક્તિ ધરાવતા દેશોએ પોતાની જરૂરિયાત માટેના પાણીની વ્યવસ્થા પૂર્ણ કરી છે ત્યારે ચિંતાકારક એ બાબત છે કે દેશમાં ગંગા, યમુના, ગોદાવરી, બ્રહ્મપુત્રા જેવા મહાકાય જળસ્રોત વચ્ચે અવિકસિત સ્થિતિમાં પડી રહ્યા છે. પાણી એ બ્રહ્માંડનું શ્રેષ્ઠ સર્જન છે અને સજીવોના અસ્તિત્વનો આધાર છે. પાણી ઉપર કોઈ એકનો માલિકી અધિકાર સ્થાપિત કરવો તે સામાજિક અવિવેક જણાય છે. ત્યારે પાણીનો સંગ્રહ, વિતરણ અને વિવેકપૂર્ણ ઉપયોગને વિજ્ઞાન અને તકનિકના હવાલે કરીએ અને તમામ પ્રકારની સ્વાર્થનીતિથી પર રહી સમયની માંગને ધર્મ બનાવીએ. આવા જ વ્યાપક દષ્ટિકોણથી વર્ષ ૧૯૮૦માં ભારતના જળ-સંસાધન મંત્રાલયે ભારતની હિમાલય ભાગની ૧૪ નદીઓ તથા નર્મદા, દમણગંગા, કૃષ્ણા, ભૂસ્તરના વરસાદી પ્રભાવથી બનતી અને વહેતી ૧૭ નદીઓ જોડવા અંગે પ્રાથમિક દસ્તાવેજ તૈયાર કર્યા. તે પછી ૨૩ વર્ષ બાદ યોજનાકીય ખર્ચ અને આવરી લેનાર વિસ્તારની વિગતો સંકલિત થતાં વર્ષ ૨૦૦૩માં સંબંધિત ૧૮ રાજ્યો સાથે મુસદ્દાની ચર્ચા કરવામાં આવી.

પંડિત જવાહરલાલ નહેરુના મુખ્યમંત્રીપણા હેઠળ ૧૯૫૬માં તત્કાલીન સિંચાઈ મંત્રી કે.એલ. રાવનું સ્વપ્ન સ્વતંત્ર ભારતનાં સંઘીય રાજ્યોના નિજી સ્વાર્થના લીધે ૪૭ વર્ષ સુધી ફાઈલોમાં અટવાતું રહ્યું, જેના ઉપર કાર્ય કરવા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ અને નીતિ આયોગની ઈચ્છા હોવા છતાં ત્રાવણકોરના ડુબ ક્ષેત્રનો મુદ્દો લઈ કેરલ રાજ્યે રીવર ગ્રીડ અંગે નારાજગી દર્શાવી હતી.

ગંગાના છેવાડાના પટ્ટીય વિસ્તારનાં ધોવાણ પ્રશ્નને આગળ કરી બ્રહ્મપુત્રા-ગંગાના જોડાણનો વિરોધ પશ્ચિમ બંગાળે કર્યો છે. તો મહારાષ્ટ્રે કૃષ્ણા નદી સાથે પશ્ચિમી ઘાટની નદીઓના જોડાણને અવૈજ્ઞાનિક કહી **NWDT** નો ઊધડો લઈ નાખ્યો છે. તેમ બિહારથી લાલુ પ્રસાદે ઘોષણા કરી છે કે, નદી જોડશો તો તેમાં પાણી નહીં અમારું લોહી વહેશે!

આવી સંકુચિત રાજકીય લાભા—લાભની દષ્ટિ છતાં પણ નર્મદા બંધના સુઃખદ અનુભવને દોહરાવતાં દમણગંગા, તાપી, વિશ્વામિત્રી, ઓરસંગ, ઢાઢર, નર્મદા સહિતની દક્ષિણ ગુજરાતની બારેમાસ વહેતી મુખ્ય ૧૧ નદીઓને જોડવા ગુજરાત રાજ્યે ડહાપણ દર્શાવવું જોઈએ. ગુજરાતની ભૌગોલિક સંરચનાનો લાભ લેવા દક્ષિણ ગુજરાતની નદીઓને જોડી ખંભાતના અખાતમાં નંખાતા ગુજરાતના મધ્યભાગે મીઠા પાણીનું વિશાળ સરોવર તૈયાર કરવા પૂરતી સંભાવનાઓ છે જ. ૭૮ વર્ષની વયે પહોંચેલ ભારતની લોકશાહી, વધતી વસ્તી, નિરક્ષરતા, બેરોજગારી અને ગરીબીના દબાણવશ આજે પણ છતે સંસાધને કૂપમંડૂકપણામાં સમય પસાર કરે છે.

'જળ છે તો જીવન છે.' આ વિચારથી આગળ **Water is Wealth** તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે વ્યાપારી બુદ્ધિધન ધરાવતા ગુજરાતીઓએ નદી જોડવાની પ્રક્રિયામાં અગ્રેસર રહેવા જેવું છે. તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ અને સિટીઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓએ આ વિચારને પ્રાધાન્ય આપવું જરૂરી છે.

રાજ્ય સરકારે પ્રજા પાસે વિશાળ હેતુની વાત મૂકવા જેવી છે. તેમ ભારત સરકારે પણ દેશની લોકશાહી તાસીરને જોતાં નદી-જોડની યોજના પ્રદેશલક્ષી બનાવી ગુજરાતને પ્રોત્સાહિત કરી રાજ્યોની ખેતીને ૧૦૦% સિંચાઈ સુવિધા આપવી જોઈએ.

**હાલ ચોમાસાનો સમય ચાલી રહ્યો છે. નદી-નાળા છલકાઈ રહ્યા છે. જાનમાલની બેસુમાર હાનિ થઈ રહી છે. પૂરને નિયંત્રિત કરવા માટે અનેક યોજનાઓ છે. કુદરતી આફત પર માનવીનું નિયંત્રણ નથી. પરંતુ જો નદી-નાળા જોડવામાં આવે તો કંઈક અંશે પૂર નિયંત્રણ થઈ શકે**

# માર્કેટયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૬૪૦ | ૭૪૫ |
| જુવાર લાલ | ૮૩૦ | ૯૧૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૪૯૦ |
| બાજરી | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૬૪૦ | ૨૨૧૦ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૦૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૫૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૮૫૮ |
| મગ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ચોળી | ૧૧૦૦ | ૨૪૯૦ |
| વટાણા | ૧૦૭૦ | ૨૧૭૦ |
| સીંગદાણા | ૧૪૭૫ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૧૦૭૦ | ૧૧૯૭ |
| મગફળી જીણી | ૧૦૮૦ | ૧૧૫૮ |
| તલી | ૨૦૫૦ | ૨૪૩૧ |
| એરંડા | ૧૦૦૫ | ૧૧૮૭ |
| અજમો | ૨૨૫૦ | ૨૪૪૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૬૧૩ |
| સોયાબીન | ૮૧૪ | ૮૪૧ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૫૪૧ |
| લસણ | ૨૫૦૦ | ૩૪૫૦ |
| ધાણા | ૧૧૭૫ | ૧૪૨૫ |
| વરીયાળી | ૯૨૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૯૦૦ |
| રાય | ૧૦૧૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૦૦ |
| અશેરીયો | ૧૯૭૬ | ૨૦૨૫ |
| રાયડો | ૯૩૦ | ૧૦૪૪ |
| રજકાનું બી | ૪૪૭૧ | ૫૫૦૫ |
| ગુવારનું બી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૭૦ | ૫૯૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૬૨૫ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૮૦૦ |
| મૂળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૫૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૨૬ | ૧૦૮૧ |
| શિંગ મોટી | ૯૧૫ | ૧૨૨૧ |
| શિંગદાણા | ૧૨૬ | ૧૪૯૬ |
| શિંગદાણા ફાડા | ૧૨૯૫ | ૧૪૨૬ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૪૯૬ |
| તલ કાળા | ૨૭૨૦ | ૩૫૬૮ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૪૯૧ |
| જુવાર | ૩૬૦ | ૮૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૪ | ૬૧૪ |
| ઘઉં લોકવન | ૪૧૨ | ૫૮૪ |
| મગ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૨ |


| | | |
|---|---|---|
| તુવેર | ૯૩૫ | ૧૫૫૪ |
| કપાસ | ૯૩૫ | ૧૫૫૪ |
| એરંડા | ૮૭૦ | ૧૧૬૦ |
| જીરું | ૪૦૨૫ | ૪૫૯૦ |
| રાયડો | ૯૫૨ | ૯૫૨ |
| ધાણા | ૯૪૦ | ૧૨૭૧ |
| અજમા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૫ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૪૦ |
| રીંગણાં | ૮૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૬૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૫૦ |
| દૂધી | ૨૦૦ | ૨૯૦ |
| કરેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળાશીંગ | ૬૦૦ | ૭૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૫૦ |
| બીટ | ૪૫૦ | ૫૩૦ |
| શીંગ ઓળા | ૮૫૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૩૦૦૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૫૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૫૦ | ૬૩૦ |
| **ગોંડલ** | | |

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૧૮ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૩૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૧ | ૧૬૫૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૯૬૧ | ૧૧૮૧ |
| જીરૂ | ૩૬૫૧ | ૪૯૧૧ |
| ક્લોંજી | ૧૮૦૧ | ૩૭૭૧ |
| વરીયાળી | ૭૭૬ | ૧૧૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૧૪૯૧ | ૩૭૧૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૬૧૬ |
| અડદ | ૧૫૬૧ | ૧૮૫૧ |
| તુવેર | ૧૪૩૧ | ૨૧૮૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |
| મેથી | ૯૨૬ | ૧૧૨૧ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૭૨૧ |
| મગફળી નવી | ૧૦૨૫ | ૧૧૫૦ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૫૩૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૪૧ |
| બાજરો | ૪૦૧ | ૪૮૧ |
| જુવાર | ૪૮૧ | ૫૩૧ |
| મકાઇ | ૬૨૧ | ૬૨૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૧ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૦૧ |
| વાલ | ૫૨૧ | ૧૮૬૧ |
| વાલ પાપડી | ૧૪૫૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૬ |
| અરીઠા | ૩૫૧ | ૪૦૦ |
| ગોગળી | ૭૦૦ | ૮૦૧ |
| વટાણા | ૨૨૦૧ | ૨૨૦૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૫ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૮૦૫ |
| ઘઉં | ૫૧૫ | ૫૬૪ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| **ધારી** | | |
| ઘઉં | ૫૨૩ | ૫૨૩ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૧૯૯ | ૧૨૭૧ |
| અડદ | ૧૭૨૦ | ૧૭૨૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| શીંગ ફાડા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૧૦૫૦ | ૧૧૨૩ |
| શીંગ-મોટી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| શીંગ-દાણા | --- | ૧૦૫૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૨૪ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૭૭૦ |
| કપાસ | ૧૨૨૫ | ૧૫૧૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| બાજરો | ૪૦૦ | ૪૬૩ |
| મગ | ૧૪૫૦ | ૧૫૮૦ |
| અડદ | --- | ૧૮૮૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૪૧ |
| **ખાંભા** | | |
| જુવાર સફેદ | ૭૫૦ | ૭૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૪૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૪૧ |
| બાજરો | ૪૬૦ | ૫૪૦ |
| ઘઉ ટુકડા | ૪૭૦ | ૫૪૭ |
| જુવાર | ૬૦૦ | ૭૧૬ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| એરંડી | ૯૨૬ | ૯૨૬ |
| શીંગદાણા | ૧૪૪૭ | ૧૪૪૭ |
| રાય | ૧૦૬૦ | ૧૦૬૦ |
| **બગસરા** | | |
| ચણા | ૧૨૮૦ | ૧૩૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૪૦ |
| સોયાબીન | ૬૮૬ | ૮૦૩ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ધાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| જુવાર | ૫૭૦ | ૫૭૦ |

| | | |
|---|---|---|
| શીંગફાડા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૩૫ |
| મગફળી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| મગ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| **મહુવા** | | |
| શીંગ દાણા | ૧૪૨૬ | ૧૪૩૭ |
| શીંગ નં-૩૯ | ૧૧૨૫ | ૧૨૧૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૧ | ૧૧૫૬ |
| એરંડા | ૯૩૫ | ૯૮૨ |
| જુવાર | ૩૯૩ | ૬૯૦ |
| બાજરી | ૪૦૯ | ૫૧૪ |
| ઘંઉ ટુકડા | ૪૯૦ | ૫૧૪ |
| મકાઈ | ૪૯૨ | ૪૯૨ |
| અડદ | ૧૭૦૨ | ૧૯૯૯ |
| મગ | ૧૧૬૦ | ૧૭૨૨ |
| રાય | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૪૧૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૯૬ |
| તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ચોળી | ૯૪૨ | ૯૪૨ |
| વાલ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ડુંગળી લાલ | ૧૦૯ | ૬૧૫ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૫૮૭ |
| નાળીયેર | ૪૧૫ | ૧૭૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૨૮ |
| બાજરી | ૪૦૦ | ૪૯૭ |
| ઘઉં | ૪૭૦ | ૫૯૭ |
| સફેદ તલ | ૨૧૫૦ | ૨૪૬૮ |
| કાળા તલ | ૨૭૫૦ | ૩૪૭૨ |
| સોયાબીન | ૮૨૫ | ૮૫૯ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૭૧૮ |
| અડદ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| મગ | ૧૩૦૦ | ૧૫૯૨ |

## શબ્દ સંજોગ-૧૮૫૧



**આડી ચાવી :**
(૧) તામિલનાડુનો જિલ્લો (૪)
(૪) શિવજીનું નિવાસસ્થાન (૩)
(૭) ઢોર જવું (૩)
(૮) મા-બાપ (આ-અ) (૪)
(૯) અકળામણ, બેચેની (૪)
(૧૧) પરબીડિયું, કવર (૩)
(૧૪) ગીલીદંડાની રમતમાં એક દાવ (૨)
(૧૫) જોશમાં કે ક્રોધમાં આવેલું (૩)
(૧૭) બાકી રહેલું (૨)
(૨૦) એક કઠોળ (૨)
(૨૧) રટવું તે (૩)
(૨૩) પક્ષી, વિહંગ (૨)
(૨૫) અંત, નિવેડો (૨)
(૨૭) પિતાના નાના ભાઈ (૨)
(૨૯) એક પ્રાચીન સિક્કો (૨)
(૩૦) અમુક મુદતે આપવાની રકમ (૪)
(૩૩) તાણ, ચિંતા (૩)
(૩૪) રક્ત, લોહી (૩)

**ઊભી ચાવી :**
(૧) મુદત, સમય (૪)
(૨) આશિષ, દુઆ (૨)
(૩) ઉજ્જડ પ્રદેશ, જંગલ (૨)
(૪) શરતમાં મૂકેલી વસ્તુ (૩)
(૫) એક રાગ કે ઢાળ (૩)
(૬) ગળામાં પહેરવાની સેર (૨)
(૮) મધ્યમ (૩)
(૧૦) પ્રહસન, ગમ્મત (૩)
(૧૨) વસંત (૨)
(૧૩) સુગંધ, સુવાસ (૩)
(૧૬) એક તાલ (૪)
(૧૭) એક તોલ- મણનો ચાળીસમો ભાગ (૨)
(૧૮) છ (૨)
(૧૯) પત- આબરૂ સાચવવી તે (૪)
(૨૨) મરણ પાછળ રોવુ, કૂટવું અથવા લૌકિકે જવું તે (અ)(૨)
(૨૪) ગણવું તે (૩)
(૨૬) એક વનસ્પતિ, ગુવાર (૩)
(૨૮) ઘાસની ગંજી (૩)
(૩૧) જગત (૨)
(૩૨) હઠ, મમત (૨)

## શબ્દ સંજોગ-૧૮૫૦ જવાબ

**આડી ચાવી:** (૧) મંગલ (૩) કરાખી (૬) દગો (૭) દામણી (૮) આડે (૯) બાવળ (૧૦) મદદ (૧૧) ડમરો (૧૪) મહા (૧૫) કબાટ (૧૬) નથ (૧૮) અસર (૧૯) રનડત (૨૧) સુદ (૨૨) છતી (૨૩) કબીલો (૨૫) પત્ર (૨૭) બક (૨૮) આનો (૨૯) ચકોર.
**ઊભી ચાવી:** (૧) મંદવાડ (૨) ગગો (૩) કમળ (૪) રાણી (૫) આડે દહાડે (૭) દવ (૮) આદમ (૯) બારોબાર (૧૨) મકસદ (૧૩) આનન (૧૭) થડ (૧૮) અસુર (૧૯) રતી (૨૦) તબીબ (૨૨) છત્ર (૨૪) લોકર (૨૫) પનો (૨૬) ચોકો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાસણ-ગીર ખાતે આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી

**મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાશે**

અમરેલી,તા.૯


મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં આજે તા. ૧૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કમ્યુનિકેશન સેન્ટર, સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જણાવાયું છે. વન વિભાગ દ્વારા વધુ વિગતો આપતાં કહ્યું છે કે, 'જંગલના રાજા સિંહ' પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત સહિત વિશ્વભરમાં દર વર્ષે તા. ૧૦ ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં વસવાટ કરતાં એશિયાઈ સિંહ એ રાજ્યના ઘરેણા-ગૌરવ સમાન





છે. એશિયાઈ સિંહ દેશમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના અંદાજે ૧૧ જિલ્લાઓમાં કુદરતી વાતાવરણમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ વન મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં વન વિભાગે ગુજરાતમાં સિંહના સંરક્ષણ-સંવર્ધન માટે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. વધુમાં વન વિભાગની વિવિધ યોજનાઓ, સિંહ પ્રત્યેની હકારાત્મક નીતિઓ અને સ્થાનિકોના સહિયારા પ્રયાસોના પરિણામે સિંહોની વસ્તી-સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. એશિયાઇ સિંહની વસ્તીમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૧૯૯૦માં ગુજરાતમાં ૨૮૪ સિંહોની વસ્તી હતી તે વર્ષ ૨૦૨૦ની ગણતરી મુજબ તે વધીને અંદાજે ૬૭૪ સુધી પહોંચી છે. વસ્તી વધતાં તેમના રહેણાંક વિસ્તારમાં પણ નોધપાત્ર વધારો થયો છે. આજે સિંહ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં એશિયાટીક લાયન લેન્ડસ્કેપ વિસ્તારમાં કુદરતી અવસ્થામાં વિહરતા જોવા મળે છે. નાગરિકોમાં સિંહ પ્રત્યેની જાગૃતિ વધે, તેના સંરક્ષણ-સંવર્ધનમાં વધુ મદદરૂપ થાય તે હેતુથી વન વિભાગ તેમજ સ્થાનિકોના સહિયારા પ્રયાસથી વર્ષ ૨૦૧૬ થી દર વર્ષે ગુજરાતમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ, સ્થાનિક જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રકૃતિ-સિંહ પ્રેમીઓ તેમજ ગ્રામજનોની સહભાગીતાથી કરવામાં આવે છે.

# ગીરગઢડામાં રહેણાંક વિસ્તારમાં સિંહ પરિવારે મારણ કરતા ભય



ઉના, તા. ૯

ગીરગઢડાના રહેણાંક વિસ્તારમાં સિંહ પરિવારે પશુનું મારણ કરતાં વિસ્તારવાસીઓમાં ભયનું લખલખું પ્રસરી જવા પામ્યું છે. ગીરગઢડા શહેરમાં રહેણાંક વિસ્તારમાં એક સિંહણ અને બે સિંહબાળ દ્વારા વાછરડાનું મારણ કરતાં લોકોમાં ભયનો માહોલ છવાયો છે. વારંવાર વન્યપ્રાણીઓ આ વિસ્તારમાં આવી ચડતા હોવાથી તાત્કાલિક આ પ્રાણીઓને દૂર ખસેડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સોમનાથ તરફ પ્રયાણ કરતી કાવડયાત્રા: નવમા દિવસે બાબાપુર ચોકડી પહોંચી



અમરેલી,તા.૯

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના સુનેવખુર્દ ગામના મારુતિનંદન ગ્રુપના યુવાનો દ્વારા આયોજિત કાવડયાત્રા તેના નવમાં દિવસે બાબાપુર ચોકડી સુધી પહોંચી છે. આ યાત્રા ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ભરૂચથી શરૂ થઈ હતી અને હવે સોમનાથ તરફ આગળ વધી રહી છે. આ કાવડયાત્રા ૧ ઓગસ્ટના રોજ સુનેવખુર્દ ગામેથી પગપાળા શરૂ થઈ હતી. યુવાનોનો આ સમૂહ આધ્યાત્મિક ઉત્સાહ સાથે સોમનાથ સુધીની લાંબી યાત્રા કરી રહ્યો છે.

# વાંસોજમાં વૃદ્ધની હત્યા: પરિવારના સભ્યો જ નીકળ્યા હત્યારા

ગીર સોમનાથ, તા.૯

ગીર સોમનાથ જિલ્લાના વાંસોજ ગામમાં એક ૬૦ વર્ષીય વૃદ્ધની થયેલી હત્યાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ હત્યા મૃતકના જ પરિવારજનો દ્વારા કરવામાં આવી હતી. ગત તા. ૧ ઓગસ્ટના રોજ સવારે વાંસોજ ગામના ખોડિયાર મંદિર વાળી શેરીમાં એક મકાનમાં મસરીભાઈ ઉર્ફે ઘેલાભાઈ કાનભાઈ શિયાળ (ઉ.વ.૬૦)નો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ મસરીભાઈના માથા અને કપાળના ભાગે તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી તેમની હત્યા કરી હતી. આ કેસમાં પાંચ દિવસની સઘન તપાસ બાદ પોલીસે મૃતકના પુત્ર રણછોડભાઈ, પુત્રવધૂ મંજુબેન, પૌત્ર જગદીશ અને અન્ય બે મહિલા સગાં સહિત કુલ પાંચ



તસવીર : કૈલાશ ભટ્ટ

લોકોની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ મોડી રાત્રે મસરીભાઈને એકલા સૂતેલા જોઈ તેમને પકડી રાખ્યા હતા અને પછી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી તેમની હત્યા કરી હતી. હત્યા બાદ તેઓ મૃતદેહને પથારીમાં જ સુવડાવી ગોદડું ઓઢાડીને પોતપોતાના ઘરે જતા રહ્યા હતા. આ કેસનો ભેદ ઉકેલવા માટે ગીર સોમનાથ જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ સતત પાંચ દિવસ સુધી કામ કર્યું હતું. સી.સી.ટી.વી. ફૂટેજ, ટેક્નિકલ માહિતી અને માનવીય સ્ત્રોતો દ્વારા એકત્રિત કરાયેલી માહિતીના આધારે આ ગુનાનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે હાલ પાંચેય આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ તપાસ ચાલુ છે.

**મૃતક પરિવારની મહિલાઓનું શારીરિક શોષણ કરતા હતા**

ઊના વિભાગીય પોલીસ અધિકારી ચૌધરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, "મૃતક મસરીભાઈ વિકલાંગ હતા અને તેઓ પરિવારની ત્રણ મહિલાઓનું શારીરિક શોષણ કરતા હતા. આ ઉપરાંત તેઓ પરિવારજનોને અવારનવાર ત્રાસ આપતા હતા. આ કારણોસર પરિવારના સભ્યોએ સાથે મળીને મસરીભાઈની હત્યા કરવાનું આયોજન કર્યું હતું.

# લીલીયા કોર્ટમાં ચેક રિટર્ન કેસોમાં વકીલ એસ.પી. ભડકોલીયાની સફળતા : બે આરોપીઓ નિર્દોષ છૂટ્યા

લીલીય, તા.૯

પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ લીલીયા ખાતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દાખલ થયેલા ત્રણ અલગ-અલગ ચેક રિટર્ન કેસોમાં વિદ્વાન વકીલ ધારાશાસ્ત્રી એસ.પી. ભડકોલીયાએ નોંધપાત્ર સફળતા મેળવી છે. કુલ રૂ. ૫,૦૨,૨૧૦/- ની રકમના આ કેસોમાં બે આરોપીઓને નિર્દોષ છોડાવવામાં તેઓ સફળ રહ્યા છે. કેસની વિગતો મુજબ, લીલીયા



મોટા ગ્રામ્ય લક્ષ્મી સોસાયટી દ્વારા બીબીબેન કામલભાઈ શિરમાન વિરુદ્ધ રૂ. ૯૩,૪૩૫/-, ક્રિષ્ના કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા વિનય હિંમતભાઈ રવાણી વિરુદ્ધ રૂ. ૨,૪૨,૭૫૭/-, અને કેપિટલ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા વિનય હિંમતભાઈ રવાણી વિરુદ્ધ રૂ. ૧,૬૬,૦૧૮/-ના ચેક રિટર્ન કેસો દાખલ કરવામાં આવ્યા હતા. આ ત્રણેય કેસોમાં આરોપીઓ તરફથી રોકાયેલા વકીલ એસ.પી. ભડકોલીયાએ ધારદાર દલીલો અને કાયદાકીય સંદર્ભો રજૂ કરીને કોર્ટને પ્રભાવિત કરી હતી. તેમની અસરકારક રજૂઆતને પગલે કોર્ટે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

# બેડમિન્ટન સ્પર્ધામાં સાવરકુંડલાની વિદ્યાર્થિની જિલ્લામાં પ્રથમ ક્રમાંકે

સાવરકુંડલા,તા.૯

અમરેલી જિલ્લાની અં-૧૭ બહેનોની બેડમિન્ટન સ્પર્ધામાં સાવરકુંડલા એમ.એલ. શેઠ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જાદવ આમના ઈમરાનભાઈ (કડી) એ અમરેલી જિલ્લામાં પ્રથમ નંબર મેળવેલ છે. શાળા પરિવાર તેમજ પરિવાર અને રાષ્ટ્રનું નામ રોશન કરવા બદલ તેમના કોચ હર્ષદભાઈ પંડયાએ અભિનંદન પાઠવ્યા હતાં. જયારે તેમને સ્કૂલ અને શહેર



અને રાષ્ટ્રનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી છે. અભ્યાસની સાથે જાદવ આમનાએ બેડમિન્ટનમાં જિલ્લા પ્રથમ આવી સ્કૂલ અને પરિવારનું નામ રોશન કર્યું છે.

# ઘાંટવડ ગામ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો : ૯૧ બોટલ રક્ત એકત્ર

ઉના,તા.૯

સમસ્ત ઘાંટવડ ગામ આયોજીત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ઘાંટવડ કુમારશાળા ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં ઘાંટવડ ગામના તમામ ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ અને આ યાદે શાહિદે કરબલા બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો. જેમાં કુલ ૯૧ બોટલ લોહીનું દાન કરવામાં આવેલ. આ કેમ્પમાં સવારે



દસ વાગ્યે સૈયદ ઈર્શાદ હુસેન બાપુના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કેમ્પની શરૂઆત કરાઈ હતી. આ બ્લડ ડોનેશન કેમ્પમાં રેડક્રોસ બ્લડ બેંક વેરાવળ તથા લાઈફ લાઈન બ્લડ સેન્ટર જૂનાગઢના સ્ટાફે સેવા આપી હતી. અબ્દુલ મહેતર અને પત્રકાર શબ્બીર સેલોત દ્વારા આ કેમ્પનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# ધોરાજી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી, તા.૯

ધોરાજી ખાતે ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ખોડલધામ મહિલા સમિતિના મહિલા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષોનું મહત્વ સમજી પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તેવા હેતુસર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

**હાલ લઘુતમ વેતન કાયદાકીય શક્ય નથી અને કોન્ટ્રાક્ટ પૂરો થયે પણ જરૂરિયાત જણાશે તો પરિસ્થિતિના આધારે લઘુતમ વેતનમાં સમાવેશ કરીશું : પ્રાદેશિક કમિશનર**

# ભાવનગર પ્રાદેશિક કમિશનરે હડતાલ સમેટવા માટે અમરેલીના સફાઈ કામદારો સાથે બેઠક કરી

અમરેલી, તા.૯

અમરેલી નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા ઘણા સમયથી ચાલી રહેલી સફાઈ કામદારોની હડતાળનો સુખદ અંત આવે તે માટે પ્રાદેશિક કમિશનર ભાવનગર દ્વારા સફાઈ કામદારોને સમજવા પ્રયાસો શરૂ કરાયા છે. શરૂઆતની બેઠકમાં પ્રાદેશિક કમિશનરે જણાવ્યું છે કે હાલ એજન્સીનો કોન્ટ્રાક્ટ પૂરો થાય ત્યાર બાદ જરૂરિયાત પ્રમાણે પરિસ્થિતિને અનુરૂપ નગરપાલિકા નક્કી કરશે તેઓને લઘુતમ વેતનમાં લેવા કે નહિ. તો વાલ્મીકિ સમાજના ગુજરાત પ્રદેશ પ્રમુખ જીતુ બારૈયાએ જણાવ્યુ છે કે, ત્રણ મહિના પછી કોન્ટ્રાક્ટ પૂરો થાય એટલે તુરંત લઘુતમ વેતનમાં કામદારોનો સમાવેશ



કરીશું તેમજ હાલ એજન્સી દ્વારા લઘુતમ વેતન ચૂકવવામાં આવશે તેવી સમજૂતી થઈ છે. બંનેના નિવેદનોમાં વિરાધભાસ જોવા મળ્યો છે. તો પ્રાદેશિક કમિશનરે જણાવ્યું છે કે હાલ લઘુતમ વેતન કાયદાકીય શક્ય નથી અને કોન્ટ્રાક્ટ પૂરો થયે પણ જરૂરિયાત જણાશે તો પરિસ્થિતિના આધારે લઘુતમ વેતનમાં સમાવેશ કરીશું. તો બંનેના નિવેદનો અલગ કેમ છે. કોણ કામદારોને ગુમરાહ કરે છે ? તેવા સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. હાલ તો હડતાળ

**હાલ તો હડતાળ યથાવત રાખવાની ઘોષણા સફાઈ કામદારો દ્વારા કરવામાં આવી છે**

યથાવત રાખવાની ઘોષણા સફાઈ કામદારો દ્વારા કરવામાં આવી છે, હવે આગળની રણનીતિ શું હશે ? હડતાળનો અંત ક્યારે આવશે તેના ઉપર સૌ અમરેલીવાસીઓની નજર રહેલી છે.

# સાવરકુંડલાની મહિલા આટ્ર્સ કોલેજમાં એન.એસ.એસ.વિભાગ દ્વારા કેમ્પ યોજાયો

સાવરકુંડલા , તા.૯

શ્રી નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજમાં એન.એસ.એસ વિભાગ દ્વારા તા. ૭/૮/૨૦૨૪ ના રોજ એક દિવસીય શિબિરનું આયોજન થયું, જેમાં કોલેજના ક્લાસરૂમ, ઓફિસો, લાઈબ્રેરી, પ્રાર્થના ખંડ, લોબી, અગાસી, કમ્પાઉન્ડ વગેરેની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ



અભિયાનમાં એન.એસ.એસની ૧૦૦થી વધારે સ્વયંસેવિકા જોડાયા હતાં, કાર્યની વહેંચણી માટે ગ્રુપ પાડ્યા હતા. કોલેજના સ્ટાફ મિત્રોએ તેમને સતત માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ચાવડા સાહેબે દરેકની કામગીરીને બિરદાવી જણાવ્યું હતું કે એન.એસ.એસ દ્વારા સ્વયંશિસ્ત, નિષ્ઠા, શિસ્તબદ્ધતા અને સમાજસેવા જેવા ગુણોનો વિકાસ થાય છે અને ઉમદા વ્યક્તિત્વનું ઘડતર થાય છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડો. હરિતાબેન જોષીએ કર્યું હતું અને સૌનો હાર્દિક આભાર માન્યો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મેનેજિંગ ટ્રસ્ટી તથા ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

# જસદણના બેલડા ગામે ઝાડ પર લટકી પરિણીતાનો આપઘાત

જસદણ,તા.૯

જસદણના વિંછીયા નજીક આવેલા બેલડા ગામે રહેતી કૈલાસબેન વિશાલભાઈ તલવાડીયાનું વાડીના ઝાડ પર ગળેફાંસો ખાઈ મોત થયાની જાણ થતાં જસદણ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સાસરિયાએ આ ઘટના આપઘાતની હોવાનું કહ્યું હતું. કૈલાસબેનના માવતર પક્ષે મૃત્યુ અંગે શંકા દાખવી આ બનાવ હત્યાનો હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરતાં જસદણ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. આ બનાવમાં મૃત્યુ પામનાર કૈલાસબેનના લગ્ન ૫ વર્ષ પહેલા થયા હતા. આ બનાવમાં સાસરિયા પક્ષે કહ્યું હતું કે, પતિ-પત્ની વચ્ચે ઘણા સમયથી કલેશ ચાલતો હોવાથી કૈલાસબેને જાતે જ વાડીના ઝાડ પર લટકીને આપઘાત કર્યો હતો. ગઢડાના કેરાળા ગામે રહેતાં મૃતક કૈલાસબેનના પિતા બીજલભાઈ દેકાણીએ આ બનાવ આપઘાતનો નહિ પણ હત્યાનો



હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દીકરી કૈલાસના ૫ વર્ષ પહેલા લગ્ન થયા ત્યારથી જ પતિનો તેણીને ખુબ ત્રાસ હતો. દીકરીના પતિને જુગારની ટેવ હોઈ મુંબઈ, દિલ્હીમાં જઈ બેફામ રૂપિયા ઉડાવી આવતો હતો. મારી દીકરીને અમે કરિયાવરમાં આપેલા દાગીના પણ તેણે વેચી નાખ્યા હતા. થોડા દિવસ પહેલા જ દીકરીનો ફોન આવ્યો હતો કે મારા સાસરીવાળા જીવવા નહી દે મને તેડી જાવ. પરંતુ દીકરીનો સંસાર બગડે નહી તે માટે હું તેને સમજાવી તેના ઘરેથી પરત આવી ગયો હતો તેમ પિતાએ અશ્રુભરી આંખે જણાવ્યું હતું.

દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં સુપ્રીમે જામીન આપ્યા


# મનીષ સિસોદિયાનો ૧૭ મહિના પછી જેલમાંથી છુટકારો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને જામીન આપ્યા છે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમની જામીન અરજી પર આજે બે ન્યાયાધીશોની બેન્ચે પોતાનો ચુકાદો સંભળાવ્યો. સુપ્રીમ કોર્ટે તેમના પર શરતો લાદી અને તેમને તેમના પાસપોર્ટ સરેન્ડર કરવાનો નિર્દેશ આપ્યો. તેણે દર સોમવારે પોલીસ સ્ટેશનમાં જુબાની આપવી પડશે. આ સાથે જ કોર્ટે તેમને સાક્ષીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ ન કરવા જણાવ્યું હતું. કોર્ટે તેમને સચિવાલય જવાની મંજૂરી આપી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી વિશ્વનાથનની બેન્ચે સુનાવણી બાદ ૬ ઑગસ્ટના રોજ ચુકાદો અનામત રાખ્યો હતો.

કોર્ટે કહ્યું કે સિસોદિયા ૧૭ મહિનાથી કસ્ટડીમાં છે અને હજુ સુધી ટ્રાયલ શરૂ થઈ નથી, જેના કારણે તેમને ઝડપી ટ્રાયલના અધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. આ કેસોમાં તેમને જામીન માટે ટ્રાયલ કોર્ટમાં મોકલવા એ ન્યાયની મજાક ઉડાવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટ સ્વીકારે કે જામીનનો સિદ્ધાંત નિયમ છે અને જેલ અપવાદ છે. આ પછી, કોર્ટે નિર્દેશ આપ્યો કે સિસોદિયાને ૧૦ લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ અને એટલી જ રકમની બે જામીન પર જામીન પર મુક્ત કરવામાં આવે. તમને જણાવી દઈએ કે સિસોદિયાની રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ની રચનામાં સંડોવણી અને તેના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓ બદલ ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડીએ પણ સિસોદિયા પર ઘણા જુદા જુદા આરોપો હેઠળ કાર્યવાહી કરી. તેમણે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું. સિસોદિયાએ એમ કહીને જામીનની માંગણી કરી હતી કે તેઓ ૧૭ મહિનાથી કસ્ટડીમાં છે અને તેમની સામેની સુનાવણી હજુ શરૂ થઈ નથી. ઈડી અને સીબીઆઈએ તેમની જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

ઈડી ઓગસ્ટ ૨૦૨૨ માં સીબીઆઈ દ્વારા નોંધાયેલા કેસના સંબંધમાં પીએમએલએ હેઠળ મની લોન્ડરિંગ કેસની તપાસ કરી રહી છે. આ કેસમાં ઈડીએ અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોની ધરપકડ કરી છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, એજન્સીએ પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી અને દાવો કર્યો હતો.



# વકફ બિલ પર જેપીસીની રચના કરતા લોકસભા સ્પીકર, મસૂદ અને ઓવૈસી સહિત ૩૧ સાંસદોનો સમાવેશ



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

વકફ બિલ પર સ્પીકરે જેપીસીની રચના કરી છે. સ્પીકરે જેપીસીમાં ૩૧ સાંસદોનો સમાવેશ કર્યો છે. આ જેપીસીમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદો હશે. જેપીસીમાં ઓવૈસી અને ઈમરાન મસૂદ પણ સામેલ છે. તમને જણાવી દઈએ કે, મોદી સરકારે ગઈ કાલે વકફ એક્ટ એમેન્ડમેન્ટ બિલ જેપીસીને મોકલ્યું હતું. સ્પીકરે આજે આ અંગે જેપીસીની રચના પણ કરી હતી. તેને હિન્દીમાં સંયુક્ત સંસદીય સમિતિ કહેવામાં આવે છે, જેનો અર્થ છે કે તેમાં શાસક અને વિપક્ષ બંને પક્ષોના સાંસદો હશે. તમને જણાવી દઈએ કે આ દરમિયાન લોકસભા અને રાજ્યસભાના બજેટ સત્રની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે જેપીસીમાં લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોના સાંસદો હાજર રહેશે અને તેમની સંખ્યા પણ સ્પીકર દ્વારા નક્કી કરવામાં આવે છે. વકફ એક્ટ અંગે સ્પીકર દ્વારા બનાવવામાં આવેલી જેપીસીમાં હાલમાં ૩૧ સભ્યોનો સમાવેશ થાય છે. એઆઈએમઆઈએમ સાંસદ અસદુદ્દીન ઓવૈસી અને કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ પણ આ જેપીસીમાં સામેલ છે. વકફ બિલ અંગે બનેલી જેપીસી નક્કી કરશે કે વકફ એક્ટમાં કયા ફેરફારો સાચા છે અને કયા ખોટા છે. ત્યારબાદ આ રિપોર્ટ સરકારને મોકલવામાં આવશે. પરંતુ સરકાર જેપીસીની ભલામણો સ્વીકારવા બંધાયેલી નથી. લોકસભાના આ સભ્યોને સામેલ કરવામાં આવશે જગદંબિકા પાલ (ભાજપ), નિશિકાંત દુબે (ભાજપ), તેજસ્વી સૂર્યા (ભાજપ), અપરાજિતા સારંગી (ભાજપ), સંજય જયસ્વાલ (ભાજપ), દિલીપ સૈકિયા (ભાજપ), અભિજીત ગંગોપાધ્યાય (ભાજપ), ડીકે અરુણા (ભાજપ), ગૌરવ ગોગોઈ (કોંગ્રેસ), ઈમરાન મસૂદ (કોંગ્રેસ), મોહમ્મદ જાવેદ (કોંગ્રેસ), મૌલાના મોહિબુલ્લા નદવી (સમાજવાદી પાર્ટી), કલ્યાણ બેનર્જી (ટીએમસી), એ. રાજા (ડીએમકે), લવુ શ્રીકૃષ્ણ (ટીડીપી), દિલેશ્વર કામત (જદયુ), અરવિંદ સાવંત (શિવસેના-યુબીટી).

# સિલ્વર મેડલ વિજેતા નીરજ ચોપરા સાથે વાત કરતા પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯



વડાપ્રધાન મોદીએ પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે સિલ્વર મેડલ જીતનાર સ્ટાર ભાલા ફેંકનાર નીરજ ચોપરા સાથે વાત કરી હતી. તેણે અનુભવી ખેલાડીને અભિનંદન આપ્યા અને તેની ઈજા અંગે અપડેટ લીધી. આ દરમિયાન પીએમએ નીરજની માતાની રમત ભાવનાની પણ પ્રશંસા કરી હતી. વડાપ્રધાને ફોન કોલ દરમિયાન કહ્યું, "તમે દેશને ફરીથી ગૌરવ અપાવ્યું છે. રાતના ૧ વાગ્યે પણ લોકો તમને એક્શનમાં જોઈ રહ્યા હતા, આશાભરી આંખોથી તમારી તરફ જોઈ રહ્યા હતા." ફિટનેસની સમસ્યા હોવા છતાં તેણે સારું પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું. આ માટે પીએમએ તેમની પ્રશંસા કરી હતી. નીરજે જણાવ્યું કે ઈજાના કારણે તે પોતાની જાતને સંપૂર્ણ રીતે તૈયાર કરી શક્યો નથી. તેણે કહ્યું, "આ સંજોગોમાં પણ મારા દેશ માટે મેડલ જીતીને હું ખુશ છું. રમતગમતમાં ઉતાર-ચઢાવ આવે છે."

# 'હર ઘર ત્રિરંગા અભિયાન'માં સામેલ થતાં PM મોદીએ પોતાનો પ્રોફાઈલ ફોટો બદલ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯




**પીએમ મોદીએ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર દરેક ઘર માટે ત્રિરંગા અભિયાનની શરૂઆત કરી હતી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હર ઘર ત્રિરંગા અભિયાનમાં સામેલ થતાં પોતાનો પ્રોફાઈલ ફોટો બદલ્યો છે. તેણે પોતાના પ્રોફાઈલ પિક્ચરમાં ત્રિરંગાનો ફોટો મૂક્યો છે. સ્વતંત્રતા દિવસ પહેલા તેમણે કરોડો દેશવાસીઓને આવું કરવાની અપીલ કરી છે. પોતાનો પ્રોફાઈલ ફોટો બદલવાની સાથે તેણે લખ્યું, "જેમ જેમ આ વર્ષે સ્વતંત્રતા દિવસ નજીક આવી રહ્યો છે, ચાલો આપણે બધા સાથે મળીને હર ઘર તિરંગા અભિયાનને એક યાદગાર જન ચળવળ બનાવીએ. હું મારો પ્રોફાઈલ ફોટો બદલી રહ્યો છું અને હું તમને બધાને આવું કરવા વિનંતી કરું છું. તમે પણ અમારા ત્રિરંગાની ઉજવણીમાં મારી સાથે જોડાઓ અને હા, તમારી સેલ્ફી શેર કરો. અન્ય એક ટ્વિટમાં પીએમ મોદીએ ભારત છોડો આંદોલન વિશે પણ વાત કરી છે, જે દેશની આઝાદીમાં સીમાચિહ્નરૂપ સાબિત થયું હતું. પીએમ મોદીએ એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે આંદોલન વિશે માહિતી આપી છે. આ વીડિયો શેર કરતાં તેમણે લખ્યું, "બાપુના નેતૃત્વમાં ભારત છોડો આંદોલનમાં ભાગ લેનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ. આ ખરેખર આપણા સ્વાતંત્ર્ય સંગ્રામની એક મહત્વપૂર્ણ ક્ષણ હતી."

પુતિને યુક્રેનિયન હુમલાને 'મોટી ઉશ્કેરણી' ગણાવી

# રશિયામાં પ્રથમવાર પ્રવેશ કરતા ૧૦૦૦ યુક્રેનિયન સૈનિકો, ભીષણ યુધ્ધના ભણકારા

મોસ્કો,તા.૯

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારે પ્રથમ વાર યુક્રેનના સિનિકોએ બોર્ડર ક્રોસ કરી રશિયામાં પ્રવેશ કર્યો હતો. ત્રીજા દિવસે પણ રશિયન સેનાએ યુક્રેનિયન સૈનિકો સાથે લડાઈ ચાલુ રાખી હતી. યુક્રેનિયન સૈનિકોએ કુર્સ્ક વિસ્તારમાં રશિયન સરહદ ક્રોસ કરી હતી. બે વર્ષ જૂના યુદ્ધમાં



રશિયા પરના સૌથી મોટા યુક્રેનિયન હુમલાઓમાંના એકમાં રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર ૬ ઓગસ્ટની સવારે લગભગ ૧,૦૦૦ યુક્રેનિયન સૈનિકોએ ટેન્ક અને સશસ્ત્ર વાહનો સાથે રશિયન સરહદ પાર કરી હતી.

સુડઝા શહેરની નજીક ભીષણ લડાઈની જાણ કરવામાં આવી છે, અહીંથી જ રશિયન કુદરતી ગેસ યુક્રેનમાં થઈ યુરોપમાં પરિવહન થાય છે. આ યુદ્ધથી તેમાં અવરોધ ઊભો થવાની શંકા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેનમાં સૈનિકો મોકલ્યાના લગભગ અઢી વર્ષ બાદ આ ઘૂસણખોરી રશિયા માટે એક ફટકો છે. પુતિને યુક્રેનિયન હુમલાને 'મોટી ઉશ્કેરણી' ગણાવી છે. ક્રેમલિનને વફાદાર રાજકીય પક્ષના નેતા સર્ગેઈ મીરોનોવે તેને "આતંકવાદી હુમલો" અને "આંતરરાષ્ટ્રીય રીતે માન્ય વિદેશી પ્રદેશ પર આક્રમણ" ગણાવ્યું હતું.

# પાકિસ્તાનમાં પણ બાંગ્લાદેશ જેવા બળવાનો ડર! આર્મી પ્રમુખ અસીમ મુનીરે ચેતવણી ઉચ્ચારી

ઈસ્લામાબાદ,તા.૯

પાડોશી દેશ બાંગ્લાદેશની સ્થિતિ કોઈનાથી છુપી નથી. વિદ્યાર્થીઓના પ્રદર્શનથી શરૂ થયેલી વિરોધની આગે શેખ હસીના સરકારનો તખ્તાપલટ કરી દીધો. પાકિસ્તાનમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ થવાની શંકાઓ પર સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરે આકરી ચેતવણી આપી છે. પાકિસ્તાનના સેના પ્રમુખ મુનીરે પાકિસ્તાનમાં



બાંગ્લાદેશ જેવી સ્થિતિઓ ઊભી કરવાનો પ્રયત્ન કરનારને ચેતવતાં કહ્યું કે 'અમારી સેના આ પ્રકારના કોઈ પણ ષડયંત્રને સફળ થવા દેશે નહીં કેમ કે તે દેશની સુરક્ષા અને રાષ્ટ્રીય અખંડતાની રક્ષા માટે હંમેશા તૈયાર છે.'

સેનાના મીડિયા એકમે જનરલ મુનીરના હવાલાથી જણાવ્યું કે 'જો કોઈએ પાકિસ્તાનમાં આ પ્રકારની અરાજકતા ઊભી કરવાનો પ્રયત્ન કર્યો તો અલ્લાહની સોગંધ અમે તેને સફળ થવા દઈશું નહીં. દુનિયાની કોઈ પણ તાકાત પાકિસ્તાનને નુકસાન પહોંચાડી શકતી નથી કેમ કે આ દેશ કયામત સુધી રહેશે.'

મુનીરે મૌલવીઓની એક કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે 'દેશ કેટલો મહત્વનો છે જો તમારે તે જાણવું હોય તો ઈરાક, સીરિયા અને લીબિયાને જુઓ. પાકિસ્તાનની હાજરી હંમેશા રહેશે કેમ કે તેને અંતિમ સમય માટે બનાવવામાં આવ્યું છે. સાથે જ દેશમાં અરાજકતા ફેલાવવા માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવ્યું.'

# કેરળમાં મગજને અસર કરતા નવા વાયરસની ઓળખ, પાંચ દર્દીના મોત

(એ.આર.એલ),કોચ્ચી,તા.૯

કેરળમાં મગજને અસર કરતા નવા વાયરસની ઓળખ કરવામાં આવી છે. કેરળ સરકારે તેને એમોબિક મેનિન્ગોએન્સફાલીટીસ નામ આપ્યું છે. આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે ૭ ઓગસ્ટની મોડી રાત્રે જણાવ્યું હતું કે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં વાયરસના કુલ ૧૫ કેસ નોંધાયા છે. જેના કારણે ૫ દર્દીઓના મોત થયા છે. બીજી



તરફ, પુણેમાં પણ બે મહિનામાં ઝિકા વાયરસના વધુ સાત નવા કેસ નોંધાયા છે. જેમાં ૬ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે. કેરળમાં ૨૦૧૬માં એમોબિક મેનિન્ગોએન્સફાલીટીસનો પ્રથમ કેસ નોંધાયો હતો. આ પછી ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨માં એક-એક કેસ જોવા મળ્યો હતો. આ તમામ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. આ રોગમાં દર્દીને તાવ, માથાનો દુઃખાવો, ઉલ્ટી અને માનસિક આંચકા આવે છે. કેરળના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જે કહ્યું કે નવા વાયરસને લઈને મેડિકલ બોર્ડની રચના કરવામાં આવી છે, જે કેસ પર નજર રાખી રહ્યું છે.

# રેલ્વે ભરતી બોર્ડ પેપર લીક કેસમાં સીબીઆઈના ૧૧ સ્થળોએ દરોડા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

પ્રયાગરાજ રેલ્વે ભરતી બોર્ડના ડીજીસીઈ (સામાન્ય વિભાગ સ્પર્ધાત્મક પરીક્ષા) પેપર લીક કેસમાં સીબીઆઈએ રાજસ્થાન અને યુપીમાં ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. સીબીઆઈની ટીમોએ રાજસ્થાનના પ્રયાગરાજ, નોઈડા, અલીગઢ, મથુરા, ચિત્રકૂટ અને જયપુર, ભરતપુર, કરૌલી, અલવર, સવાઈ માધોપુરમાં દરોડા પાડીને દસ્તાવેજો રિકવર કર્યા છે. રેલવે બોર્ડના ડેપ્યુટી વિજિલન્સ અનિલ કુમાર મીણાની ફરિયાદ પર, સીબીઆઈ લખનૌની ભ્રષ્ટાચાર વિરોધી શાખાએ પરીક્ષા આપનાર અને પેપર લીક કરવાના બદલામાં પૈસા લેનારા ૧૧ રેલવે કર્મચારીઓ સામે કેસ નોંધ્યો છે. રેલવેએ ફરિયાદમાં તેના વિજિલન્સ તપાસ રિપોર્ટને ટાંક્યો છે. રિપોર્ટ અનુસાર, પ્રયાગરાજના રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા ૬ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ લેવાયેલી DGCE પરીક્ષાનું પેપર લીક થયું હતું અને ૫૦-૬૦ ઉમેદવારોને અભ્યાસ કરાવ્યો હતો.

# હરિયાણામાં ગુડ મોર્નિંગને બદલે હવે સ્કૂલના બાળકો બોલશે 'જય હિંદ'

ચંડીગઢ,તા.૯

ભારત ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યું છે. દેશભરમાં આ દિવસની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન, સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને હરિયાણા સરકારે મોટો નિર્ણય લીધો છે. હરિયાણાની નાયબ સિંહ સૈની સરકારે કહ્યું છે કે હવે રાજ્યની શાળાઓમાં



વિદ્યાર્થીઓએ સવારે ગુડ મોર્નિંગને બદલે જય હિન્દ બોલવું પડશે. સરકારના આ નિર્ણયનો અમલ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થશે. આવો જાણીએ હરિયાણા સરકારે આ નિર્ણય પાછળ શું કારણ આપ્યું છે. હરિયાણા સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે આ સ્વતંત્રતા દિવસથી તમામ શાળાઓમાં ગુડ મોર્નિંગની જગ્યાએ જય હિંદનો ઉપયોગ કરવામાં આવશે. શાળા શિક્ષણ નિયામકના આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ પગલાનો હેતુ વિદ્યાર્થીઓમાં "દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ઊંડી ભાવના જગાડવાનો" છે.

# સુપ્રીમ કોર્ટના અનામત ક્વોટાના નિર્ણય સામે ૧૦૦ સાંસદોએ વિરોધ નોંધાવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભાના લગભગ ૧૦૦ સાંસદોએ શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી અને એસસી એસટી અનામત પર સુપ્રીમ કોર્ટના નિર્ણય પર તેમની ચિંતા વ્યક્ત કરી. સુપ્રીમ કોર્ટની સાત સભ્યોની બંધારણીય બેન્ચે અનામતનો લાભ પછાત સમુદાયના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા અનુસૂચિત જાતિના



પેટા વર્ગીકરણને મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનો ઘણા એસસી એસટી સાંસદોએ વિરોધ કર્યો છે. સાંસદોએ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને, એસટી એસસી માટે ક્રીમીલેયર પર સુપ્રીમ કોર્ટના અવલોકન અંગે સંયુક્ત રીતે એક મેમોરેન્ડમ સબમિટ કર્યું અને માંગ કરી કે આ ચુકાદો આપણા સમાજમાં લાગુ ન થવો જોઈએ. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને તેમને આશ્વાસન આપ્યું હતું કે તેઓ આ મામલાની તપાસ કરશે. વાસ્તવમાં, ભાજપે કહ્યું છે કે એસટી/એસસી માટે ક્રીમીલેયર પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અંગે એક મેમોરેન્ડમ સબમિટ કરવામાં આવ્યું હતું અને સાંસદોએ માંગ કરી હતી કે આ ચુકાદો ભારતીય સમાજમાં લાગુ ન થવો જોઈએ.

હાલમાં સુપ્રીમ કોર્ટે અનામત મામલે ચુકાદો આપતા એસસી એસટી માટે અનામત ક્વોટામાં વધુ એક ક્વોટા અલગથી આપવાની મંજૂરી આપી હતી. કોર્ટે કહ્યું કે જો રાજ્ય સરકાર ઈચ્છે તો, તે પોતાની વિવેકબુદ્ધિથી, એસસી અને એસટી બંને શ્રેણીઓમાં વંચિત જાતિઓને અલગ ક્વોટા આપી શકે છે.

# સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ફરી એકવાર રાજ્યસભાના અધ્યક્ષ ધનખડ અને જયા બચ્ચન વચ્ચે ચકમક

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન અધ્યક્ષ જગદીપ ધનખડ અને વિપક્ષી નેતાઓ વચ્ચે ફરી એકવાર તણાવ જોવા મળ્યો. આજે ઉપલા ગૃહના સભ્ય જયા બચ્ચન અને અધ્યક્ષ ધનખર સામસામે આવી ગયા હતા. જયા બચ્ચને કહ્યું કે હું જયા અમિતાભ બચ્ચન કહેવા માંગુ છું કે હું એક કલાકાર છું. હું બોડી લેંગ્વેજ અને ચહેરાના હાવભાવ સમજું છું. સાહેબ! માફ કરશો, તમારો સ્વર સ્વીકાર્ય નથી. ભલે તમે



આસન પર બેઠા છો, અમે તમારા સાથી છીએ.

તેના પર અધ્યક્ષ ધનખરે કડક સ્વરમાં કહ્યું, 'જયાજી, કૃપા કરીને તમારી જગ્યા પર બેસો. તમે તમારા માટે પ્રતિષ્ઠા બનાવી છે. તમે જાણો છો કે અભિનેતા નિર્દેશકના હિસાબે કામ કરે છે. મેં અહીં આ આસન પર બેસીને જે વસ્તુઓ જોઈ છે તે તમે જોઈ નથી. તમે મારા ઉચ્ચારણ વિશે વાત કરો છો? તે પૂરતું છે. તમે સેલિબ્રિટી હશો, પરંતુ તમારે અહીં ગૃહની ગરિમાનું ધ્યાન રાખવું પડશે.

આ પછી રાજ્યસભાના સભ્ય જયા બચ્ચને બાદમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, "તેઓ કોને ગાળો આપે છે, હું આ સ્વતંત્રતા બીજા કોઈને આપી શકતી નથી." મારી સાથે અપમાનજનક વર્તન કરવામાં આવ્યું. તેનો સ્વર ખરાબ છે, આપણે કેટલું સહન કરીએ? શાસક પક્ષના લોકો ગમે તે કહે, અમે તેના પર કંઈ પણ કહીએ તો અમને ચેમ્બરમાં આવીને વાત કરવાનું કહેવામાં આવે છે.

# દાંતા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરતા ઋષિકેશ પટેલ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૯



રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં આદર્શ નિવાસી શાળા, દાંતા ખાતે ૯ મી ઓગસ્ટ ને 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી ઋષિકેશભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકતાં અંબાજીથી ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિવાસી ભાઈઓ, બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ વિવિધ યોજનાના લાભાર્થીઓને સાધન સહાયના ચેક અને લાભોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ખેડબ્રહ્મા ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આદિવાસી સમાજના કલાકારો દ્વારા પરંપરાગત લોક વાદ્ય, લોક નૃત્ય સીદી ધમાલ સહિતના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી ઋષિકેશભાઈ પટેલે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી નાયકો અને ક્રાંતિવીરોએ આપેલા બલિદાન અને યોગદાનને યાદ કરતાં જણાવ્યું કે આદિવાસી સમાજનો દિવ્ય અને ભવ્ય ઈતિહાસ રહેલો છે.

# ગોધરા નજીક ટેન્કર-ઈકો વચ્ચે ગમખ્વાર અકસ્માત : પાંચના મોત

ગોધરા,તા.૯



ગોધરા તાલુકાના ગોલ્લવ પાસે ઈકો ગાડીમાં સાત લોકો સવાર થઈ જઈ રહ્યા હતા. ત્યારે સામેથી બેફામ આવતા ટેન્કરે ઈકો કાર અડફેટે લીધી હતી. જેથી ગાડીમાં સવાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાંથી બે લોકોની હાલત અતિ ગંભીર હોવાના કારણે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દેવગઢ બારીયા ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર લેતા પહેલાં જ બન્ને લોકોના મોત નિપજ્યા હતા.

જ્યારે અન્ય ત્રણ ઈસમોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને ગોધરા ૧૦૮ ઍમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. પ્રાથમિક દૃષ્ટિએ જાણવા મળી રહ્યું છે કે, ઈકો ગાડીમાં સવાર સાત લોકો છોટાઉદેપુરના હોવાનું જાણવા મળી રહ્યું છે. પરંતુ મૃતકનો પરિવાર ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડતી એસઓજી

(એ.આર.એલ),રાજકોટ,તા.૯

રાજકોટમાં એસઓજીએ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ૨ શખ્સને ઝડપી પાડ્યા છે. અમદાવાદથી રાજકોટ જતી વખતે કારમાં ડ્રગ્સની હેરાફેરી કરતી વખતે શખ્સોને રાજકોટ એસઓજી ટીમે બામણબોર પાસેથી ઝડપ્યા હતા. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેરમાં એસઓજીએ બાતમીના આધારે અમદાવાદથી રાજકોટ જતી વખતે થઈ રહેલી કારમાં હેરાફેરી વખતે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. કારમાંથી ૧.૮૩ લાખનો ડ્રગ્સ સાથે કાર જપ્ત કરવામાં આવી હતી. ૧૮.૩૪ ગ્રામ ડ્રગ્સ કિંમત રૂ. ૧.૮૩ લાખ અને કાર સહિત રૂ. ૩.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીઓ કેટલા સમયથી ડ્રગ્સ લાવતા અને કોને સપ્લાય કરતા તે દિશામાં પોલીસે તપાસ શરુ કરી છે. રાજકોટ એમઓજીએ જીતુદાન જેસાણી અને રાજવીરસિંહ ડોડિયાની ધરપકડ કરી છે.

# કેન્દ્ર સરકાર અનામતમાં ક્વોટા કે ક્રીમીલેયર બાબતે વિચાર કરતી નથી : વિનોદ ચાવડા

## સાંસદો વડાપ્રધાન મોદીને મળ્યા, આ માત્ર સુપ્રીમ કોર્ટના જજની પેનલનો વિચાર

ગાંધીનગર,તા.૯

તારીખ ૧ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો જેમાં ૭ ન્યાયમૂર્તિની પીઠે એસી-એસટી કેટેગરીમાં નવી સબ-કેટેગરી ઊભી કરીને અતિપછાતોને અલાયદો ક્વોટા આપવાનો આદેશ આપ્યો હતો, જેના દેશભરમાં પડઘા પડ્યા હતા. અલગ-અલગ સંગઠનોએ આને લઈને આગામી ૨૧મી ઓગસ્ટના રોજ 'ભારત બંધ'નું એલાન આપ્યું છે. જોકે કોઈ રાજકીય પાર્ટીએ પોતાનું વલણ હજી સ્પષ્ટ કર્યું નથી. દરમિયાન ભાજપે આ મુદ્દે પોતાના પત્તા ખોલ્યા છે અને અનામતમાં ક્વોટા લાગુ કરવાના મૂડમાં નથી. વિનોદ ચાવડાએ એક વીડિયો બનાવીને



પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું, 'આજે અમે સૌ સાંસદો દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. એમાં તેમણે અમને સ્પષ્ટ આશ્વસ્ત કર્યા હતા કે ભાજપની કેન્દ્ર સરકાર કે કોઈપણ રાજ્યની સરકાર આ અનામતમાં ક્વોટા કે ક્રીમીલેયર બાબતે વિચાર કરતી નથી. એ માત્ર ને માત્ર સુપ્રીમ કોર્ટના જજની પેનલની રાય અને વિચાર છે. દેશમાં કોંગ્રેસ અને વિપક્ષ એસસી અને એસટી વર્ગના લોકોને ગુમરાહ કરી રહ્યા છે. અનામત દૂર કરવા માટેની અફવા ફેલાવી રહ્યા છે. અમે સૌ સાંસદે મળીને વડાપ્રધાન મોદીને રજૂઆત કરી હતી.'

# કચ્છમાં ફરી ભૂકંપના આંચકા આવતા લોકોમાં ફફડાટ

## ભૂકંપનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૪ કિ.મી. દૂર નોંધાયુ

ભુજ,તા.૯

કચ્છમાં લગાતાર આવતા રહેતા ધરતીકંપના નાના અને મધ્યમ કક્ષાના આંચકાનો સિલસિલો આજ સુધી યથાવત રહેવા પામ્યો છે. આજે બપોરે ૧.૪૯ મિનિટે ભુજના રણ કાંધીએ આવેલા ખરોડ અને રેયાડો ગામ વચ્ચેના સિમ વિસ્તારમાં ૨.૬ની તિવ્રતાનો આફ્ટરશોક ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી કચેરી ખાતે નોંધાયો હતો. આંચકાનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૪ કિમી દૂર નોંધાયુ હતું. આજે આવેલા લઘુતમ સ્તરના આંચકાની પૂર્વે ગત તા.૨૦ જુલાઈના પણ આજ વિસ્તારમાં ૨.૬ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, લઘુતમ કક્ષાના આંચકા જાનમાલને નુકસાન કરતા હોતા નથી. સરહદી કચ્છમાં આજે વધુ એક ભૂકંપના આંચકાએ જિલ્લાની ધરાને સતત ધ્રૂજતી રાખી હતી.

# રાજયમાં પાંચ દિવસ સુધી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૯

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, એટલે કે આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી શકે છે. આ સાથે જ રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પણ થઈ શકે છે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનને કારણે આગામી પાંચ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત ગાજવીજ સાથે વિવિધ ભાગોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા વરસી શકે છે. એમાં પણ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગ પર વરસાદનું જોર આગામી ૪૮ કલાક માટે રાજ્યના અન્ય ભાગોની સરખામણીએ હળવું રહે એવી શક્યતા છે.





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩" (N.F.S.A.)
હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશન કાર્ડ ધારક
કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઑગસ્ટ - ૨૦૨૪ માસના ઘઉં, ચોખા, બાજરી અને જુવારના
વિનામૂલ્યે વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | અનાજ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| ૫ | બાજરી | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ (વડોદરા સિવાય) |
| ૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| ૭ | જુવાર | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | વડોદરા |
| ૮ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |

રાજ્ય સરકારની ચણા, તુવેરદાળ, ખાદ્યતેલ, ખાંડ અને મીઠાના
રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ (ઉપલબ્ધિ મુજબ) | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા. ₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ખાદ્ય તેલ (સીંગતેલ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિ.પાઉચ | ૧૦૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૫ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે વધારાની ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| ૭ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૮ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઑગસ્ટ - ૨૦૨૪ માસનું વિતરણ
તારીખ ૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૮/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.

લાભાર્થી પુરવઠાને લગતી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



શ્રદ્ધાંજલિ



સ્વ. મંજુલાબેન ડાયાભાઇ ગજેરા (ઉ.વ. ૭૧)
સ્વ. તા. ૦૬/૦૮/૨૦૨૪, મંગળવાર

તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે,
ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ, હસમુખો ચહેરો
અમારી નજર સમક્ષ તરવરતો રહેશે. અમારી સદા એજ પ્રાર્થના કે પરમાત્મા
આપના આત્માને ચિર શાંતિ અર્પે....

લિ.

શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ- અમરેલી

ચેરમેનશ્રી
વસંતભાઇ ગજેરા